સળંગ અંક ૮૭ ● જુલાઈ ૨૦૧૪ કિંમત ₹ ૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



વાલી દેશના ગામોમાં પ.પૂ. મહારાજશ્રીના
સાંનિધ્યમાં સત્સંગ સભા

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧






















૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ ને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કેશર સ્નાનના દર્શન. ૨. અમદાવાદ રંગમહોલ ઘનશ્યામ મહારાજના નૂતન કળશનું પૂજન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૩.જેતલપુર બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૪. આઈ.એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટર રીચમોન્ડમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સત્સંગ સભા. ૫. આપણા ડિટ્રોઈટ (અમેરિકા) મંદિર માં યજ્ઞની આરતી ઉતારતા સંતો અને હરિભક્તો. ૬. આઈ.એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટર જેક્શનવિલેમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સત્સંગ સભા માં સત્સંગ કરાવતા પૂ. પી.પી. સ્વામી અને સંત મંડળ. ૭. મૂળી મંદિરમાં નવા યાત્રિક ભૂવનની ખાતવિધિ બાદ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૮ ● અંક : ૮૭

જુલાઈ-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | બીજું બદરિકાશ્રમ | ૦૬ |
| ૦૪. | પ્રસાદીના પત્રોનું આચમન | ૦૮ |
| ૦૫. | અહિંસા - મનુષ્ય માત્રનો સૌથી મોટો ધર્મ | ૦૯ |
| ૦૬. | સેવા | ૧૦ |
| ૦૭. | શ્રીહરિની ગુપ્ત યોજના | ૧૨ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૨. | ચાતુર્માસમાં કથામાં જનાર સંતોની યાદી | ૨૩ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૪ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનામાં કાચ્યપ હોયને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ એની ભક્તિનો વિશ્વાસ નહીં, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે, કેમ જે, ક્યારેક એને સ્ત્રી ધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહીં ને તેમાં આસક્ત થઈ જાય તથા દેહાધ્યાસ હોય તો જ્યારે દેહમાં રોગાદિક કષ્ટ પ્રાપ્ત થાય તથા અન્ન વસ્ત્રાદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય ત્યારે પણ તેને ભક્તિમાં ભંગ થાય ને વિકળ થઈ જાય ને કાંઈ વિચાર ન રહે ને ચાળા ચૂંથવા લાગે તથા કોઈક રીતનો સ્વભાવ હોય તેને સંત ટોકવા માંડે ને તે સ્વભાવ પ્રમાણે વર્તવા ન દે, બીજી રીતે વર્તાવે ત્યારે પણ એ મૂંઝાય ને એને સંતના સમાજમાં રહેવાય નહીં, ત્યારે ભક્તિ તે ક્યાંથી રહે ? માટે જેને દ્રઢ ભક્તિ ઈચ્છવી હોય તેને એ ચાર વાનામાં કાચ્યપ રાખવી નહીં, ને એ ચારની કાચ્યપ હોય તો પણ સમજીને ધીરે ધીરે ત્યાગ કરવી. તો વાસુદેવ ભગવાનની નિશ્ચળ ભક્તિ થાય. (ગ. અં. ૩૩) માટે વ્હાલા ભક્તો આપણે આ ચાર વાનાનો ત્યાગ કરવો તો જ આપણી ભક્તિ ભગવાન સ્વીકારશે.

અષાઢ સુદ-૧૫ તા. ૧૨-૭-૧૪ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુરુપૂજન મહોત્સવમાં તેમજ અષાઢ વદ-૧૦ તા. ૨૧-૭-૧૪ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૭ માં જન્મોત્સવ પ્રસંગે દેશ વિદેશના સર્વે સંત-હરિભક્તોને પધારવા અમારું પ્રેમ ભર્યું નિમંત્રણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૧૪)



૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) દેશના ગામોમાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર શેખપાટ (સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનું જન્મ સ્થાન મૂળી દેશ)ના ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી હાર્દિકભાઈ શાહને ત્યાં પધરામણી, વાસણા.

૨૦ વાલી (રાજસ્થાન) દેશના ગામોમાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

પ.ભ. હિંમતભાઈ લક્કડને ત્યાં પધરામણી, થલતેજ.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ જૂન થી ૧૧ જુલાઈ-૨૦૧૪

અમેરિકાના વોશિંગ્ટન ડી.સી., એટલાન્ટા અને બાયરન શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે અને આઈ.એસ.એસ.ઓ.ના અન્ય ચેપ્ટરોમાં સત્સંગ પ્રચારાર્થે વિચરણ.



## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૧૪)

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા યુવા સત્સંગ શિબિર પોતાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૭ જૂન થી ૧૪ જુલાઈ-૨૦૧૪

અમેરિકામાં વોશિંગ્ટન ડી.સી., એટલાન્ટા અને બાયરન શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે અને બાળ-યુવા કેમ્પ પ્રસંગે પધરામણી.

# બીજું બદરિકાશ્રમ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં બાલાસિનોર, લુણાવાડા કોઠંબા, કડાણા, ગોઠીબ સંતરામપુરનો વિસ્તાર પંચમહાલ વિભાગ ઝાડી દેશ તરીકે ઓળખાય છે. આ દેશમાં માનવીઓ મુક્ત-મુમુક્ષુ તો હતા, પરંતુ વૃક્ષોના દેહમાં મુક્તો અવતરેલા. આ તપોભૂમિ છે. છપિયા જતા આવતા રસ્તામાં આવે છે. તેમાં વળી લુણાવાડા છોટું કાશી ગણાય. શ્રીજી મહારાજ સંતોના મંડળોને સત્સંગ કરવા દેશ વિદેશમાં મોકલતા હતા. પરન્તુ ઝાડી દેશમાં વિશેષ કૃપા કરીને મોટા મોટા સંતોના મંડળોને વારંવાર મોકલતા. શ્રીહરિ પધાર્યા ન હતા પણ મોટા મોટા પરમહંસો સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, નિર્ગુણદાસજી સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, લોકનાથાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદજી, ઉત્તમાનંદજી સ્વામી, પવિત્રાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, હરિપ્રકાશાનંદ સ્વામી, સુખદાતાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી અને જેરામ બ્રહ્મચારી જેવા પચીસ પચીસ સંતોના મંડળ વાળા સંતોએ સતત વિચરણ કર્યું છે. તથા શ્રીહરિના મોટા ગુરુભાઈ રામદાસ સ્વામીને પણ મોકલ્યા હતા. ઝાડી દેશનું શ્રીજી મહારાજ ખૂબજ ધ્યાન રાખતા અને સંતો વિચરણ કરીને આવે પછી ખબર અંતર પૂછતા. લુણાવાડામાં સર્વ પ્રથમ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી સંવત ૧૮૬૨ માં પધાર્યા અને સત્સંગના બીજ રોપ્યાં. ત્યાંના પ્રતાપસિંહ રાજા સ્વામીની કવિત્વ શક્તિથી ખૂબજ પ્રભાવિત થતાં સ્વામીનું રાજકીય ઠાઠમાઠથી સ્વાગત કર્યું. ત્યાર પછી ત્યાંના બ્રાહ્મણો આકર્ષાયા. સ્વામીએ લુણેશ્વર મહાદેવમાં ઉતારો કર્યો હતો. ત્યાં રહીને આવતા મુમુક્ષુઓને ભાગવત ધર્મનો ઉપદેશ આપતા. તથા ગામથી દક્ષિણમાં પાનમ નદીના કિનારે કુમારેશ્વર મહાદેવનાં મંદિરે રહ્યાં. ત્યાં આખો ચાતુર્માસ વિતાવ્યો. અહીં સ્વામીએ ''અમૃતધ્વની છંદ''ની રચના કરી. સ્વામીએ અસંખ્ય મુમુક્ષુઓને મહારાજનાં દિવ્ય દર્શન કરાવી અંતરના દ્વાર ખોલ્યા. ત્યાર પછી જેતલપુરનો સમૈયો પુરો થતાં સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને શ્રીહરિએ ઝાડી દેશમાં મોકલ્યા. લુણાવાડાને કેન્દ્ર સ્થાનમાં રાખી ગામડાઓમાં વિચરણ કરી સત્સંગ કરાવતા. લુણાવાડામાં મધવાસ દરવાજે ચાર કોશીયા કૂવા પાસે વૃક્ષની છાયામાં ઉતારો રાખ્યો હતો તે સમયે વેરી નદીના કિનારે વસતા પાટીદારો સત્સંગી થયાં.

ઝાડી દેશમાં સત્સંગનો પ્રભાવ મોટા સંતોએ ખૂબજ વધાર્યો ત્યારે કુસંગી મતપંથીઓ ડરી ગયા અને રાજાને કહ્યું કે જીવન મુક્તાનો પંથ વૈદિક નથી. ત્યારે રાજાએ રાજ્ય સભામાં શાસ્ત્રાર્થ રાખ્યો. તેમાં શ્રીહરિએ સદ્ગુરુ ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામીને લુણાવાડા મોકલ્યા. વિદ્વત સભામાં બ્રાહ્મણોએ અટપટા તેર પ્રશ્નો પૂછ્યા ત્યારે સંતોએ તેના યથાર્થ ઉત્તરો કર્યા, તેથી સંપ્રદાયનો જયજયકાર થયો અને મતપંથીઓના મોઢા ઢીલાં થઈ ગયાં. ત્યારથી રાજાએ હુકમ કર્યો કે જીવન મુક્તા સ્વામીના પંથ ચારેય વર્ણના માણસો અંગીકાર કરી શકે છે. શ્રીહરિ આ બન્ને સંતોને બાથમાં લઈને ભેટ્યા અને સદ્ગુરુ પદવી આપી.

સંવત ૧૮૬૫ માં સદ્ગુરુ રામદાસ સ્વામી (ભાઈ સ્વામી જેઓ શ્રીજી મહારાજના મોટા ગુરુભાઈ) તેમને તથા મહાનુભાવાનંદ સ્વામીને ઝાડી દેશમાં મોકલ્યા. તેઓએ ભગવાનના મહિમાની વાતો કરીને સદુપદેશ આપ્યો તે વખતે કડાણા, લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર અને ગોઠીબ વિગેરે વિસ્તારોમાં એક એક મુમુક્ષુના ઘરે પધારીને શ્રીજી મહારાજનો સંદેશો પાઠવ્યો.

સદ્ગુરુ જેરામ બ્રહ્મચારીને શ્રીજી મહારાજે ઝાડી દેશમાં મોકલ્યા ત્યારે સ્વામી કહે, આ પ્રદેશમાં માણસોમાં તો મુક્તો જન્મયા છે પણ ઝાડ-ઝાડીમાંય મુક્તો અવતર્યા છે. સ્વામી વારંવાર કહેતા કે આ દેશની ઝાડીમાંય મુક્તો

જન્મયા છે. તે દિવસથી આખા પ્રદેશનું નામ ઝાડી પ્રદેશ તરીકે પ્રસિદ્ધ થયું. રસ્તે જતાં એક ખાખરાનું વૃક્ષ જોઈ સ્વામીએ તેના આત્મા સામી નજર નાખી તો તે મુક્ત હતો તેથી કમંડલમાંથી જળ લઈ ખાખરાના ઝાડને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. સ્વામી રસ્તે ચાલતાં આજુબાજુ વારેવારે નજર કરતા, તેમાં જે કોઈ મુક્ત-મુમુક્ષુ દેખાય તો તેને તુરંત વર્તમાન ધરાવતા. કોઈ કોઈ મુમુક્ષુની થોડી ઘણી કસર રહી ગઈ હોય તેને ધર્મવંશી આચાર્ય-સંતો-હરિભક્તોનાં દર્શન કરવા ઝાડીના દેહમાં જન્મેલા મુમુક્ષુઓ દર્શન માત્રથી મુક્તિને પામતા. માધવદાસજી રચિત હરિકૃષ્ણ ચરિત્ર સાગરમાં આવા અનેક પ્રસંગો લખાયેલા છે. શ્રીહરિ સંતોને કહેતા કે ઝાડીનાં કલ્યાણ થાય એ ઝાડી દેશ સત્સંગની વાટિકા છે. એટલે પહેલા લખ્યા મુજબના મોટા મોટા સંતોના મંડળોને શ્રીજી મહારાજ વારંવાર અહીં મોકલતા.

લુણાવાડાના વિરલ પુરુષ મુક્તરાજ લક્ષ્મીરામ જાની ઉત્તમ કોટીના ભક્તરાજ હતા. બીજા કરુણાશંકર દેરાસરી કર્મકાંડી નાગર બ્રાહ્મણ ભક્ત હતા. તેઓ જેતલપુરમાં યજ્ઞ થયો ત્યારે અને શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા સમયે યજ્ઞમાં વરુણીમાં વરાયેલા. તથા ગોઠીબના કડવા ભક્ત તેમજ જેઓએ પચાસ જેટલા ગ્રન્થોના પ્રકાશન કર્યા એવા રમણલાલ ભટ્ટ આદિ અસંખ્ય મુક્તો અહીં પ્રગટ થયા છે. જેવી રીતે શ્રીહરિના નંદ સંતો, પહમહંસો બ્રહ્મચારીઓ ઝાડી દેશમાં વિચરણ કરતા તેમ આદિ આચાર્ય પરમ પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ છપિયાની યાત્રાએ જતાં સર્વ પ્રથમ વાર ૧૮૯૭ અને ૧૯૦૪ માં એક એક માસ લુણાવાડા રોકાયા હતા. શ્રીજી મહારાજની જેમ આદિ આચાર્ય પ્રવર ધર્મકુલ ભૂષણ પૂ.મહારાજશ્રીએ ઝાડી દેશના હરિભક્તોને પોતાના હૃદયમાં સ્થાન આપી અમૃતવર્ષા કરેલી. ગામોગામ ઘરોઘર પધરામણી કરી પાવન કરેલા તથા મોટા મોટા સમૈયાઓ તથા ગામમાં એક બે હરિભક્ત હોય તો પણ નાનકડું હરિ મંદિર બાંધવી આપતા. નંદસંતો અને આદિ આચાર્ય મહારાજશ્રીના વિચરણથી એ સમયે ઉત્તર વિભાગના ઝાડી પ્રદેશમાં ૯૨ ગામોમાં સત્સંગના મૂળ રોપાયા અને મંદિરો બન્યાં. ત્યાર પછી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી ચાર વખત પધાર્યા, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી બે વાર પધાર્યા, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી બે વાર પધાર્યા, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાંચવાર પધાર્યા, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વર્ષમાં દશવાર ને વર્તમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વર્ષમાં ૨૦ વાર પધારે છે. અને ઝાડી દેશને નવપલ્લવીત રાખે છે.

સંવત ૧૯૧૩ માં મહાનુભાવાનંદ સ્વામી લુણાવાડા પધાર્યા ત્યારે સ્વામી મંદિરનાં પગથીયાં ચણાવતા હતા. તે ખડકીનો માલિક જાદવજી ત્રવાડી ગ્વાલિયર રાજ્યના દિવાન હતા. તે ઘોડાગાડી રાખતા. તે સમયે સ્વામીને કહે પગથીયાં થોડાં અંદર લ્યો તો મારી ઘોડાગાડી નીકળી જાય. સ્વામી કહે દિવાનજી ચિંતા ન કરો તમારી ઘોડાગાડી થોડા સમયમાં નીકળી જશે. દિવાનજી ગ્વાલિયર પહોંચ્યા ત્યાં જ રાજાએ તેને નોકરીમાંથી કાઢી મુક્યા અને ઘોડાગાડી પાછી લઈ લીધી. આવા બીજા બદરિકાશ્રમનો સત્સંગનો સુવર્ણ ઈતિહાસ ગામોગામના પરચાઓ અનંત છે. સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ સળંગ પાંચ વર્ષ ઝાડી દેશમાં વિચરણ કર્યું હતું. એટલે તેમને લખેલી વાતોમાં ઝાડી દેશના પરચાઓ વિશેષ લખ્યા છે. બાલાસિનોર લુણાવાડા, ખારોલ, કડાણા, કોઠંબા, ગોઠીબ, સંતરામપુર વિસ્તારના ૯૨ ગામોમાં નંદ સંતોના સમયથી સત્સંગ અને મંદિરો થયાં હતાં. આજે પણ શ્રી નરનારાયણદેવના અડગ નિષ્ઠાવાળા હરિભક્તો વિશેષ છે. (વાંચો ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીની વાતો).

## આપણા આગામી ઉત્સવ-મહોત્સવો

અષાઢ સુદ-૧૫ તા. ૧૨-૭-૧૪ શનિવારે ધર્મકુળ પૂજન મહોત્સવ ગુરુ પૂર્ણિમા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન (ગુરુ પૂજન)

અષાઢ વદ-૨/૩ તા. ૧૪-૭-૧૪ સોમવાર શ્રીહરિ બાલમુકુંદજીને હિંડોળે ઝુલાવવા.

અષાઢ વદ-૧૦ તા. ૨૧-૭-૧૪ સોમવાર પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સવારે ૭-૩૦

શ્રાવણ વદ-૮ તા. ૧૭-૮-૨૦૧૪ રવિવાર જન્માષ્ટમી, શ્રી કૃષ્ણજન્મોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી સમૈયો.

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

મૂળપત્ર : ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૮૬ ના ભાદરવા સુદી-૧ ના રોજ લખાવેલ પત્ર આ માસિકના પાના નં. ૧૫ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સંવત ૧૮૮૫ ના માગસર સુદ-૯ ને દિને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે બંધાવેલા મંદિરોના મહંત પદે અગ્રગણ્ય સદ્‌ગુરુ સંતોની નિમણુંક, ધર્મવંશી આચાર્યશ્રીઓની મરજી લઈને કરી અને તે અંગેનો પત્ર લખાવ્યો. આ અસલ પત્ર કોર્ટમાં પણ રજુ થયેલ છે અને તેની નોંધ લેવાયેલી છે. સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આ પત્ર હોલ નં. ૯ માં દર્શનાર્થે રાખવામાં આવેલ છે.

આ પત્રના અનુસંધાનમાં ત્યાર પછીના થોડાક જ મહિનાઓમાં ભગવાન સ્વામિનારાયણે આ બીજો એક પત્ર સં. ૧૮૮૬ ના ભાદરવા સુદી-૧ ના રોજ લખાવ્યો છે અને તેમાં સર્વજ્ઞાનંદ સ્વામીને જણાવ્યું કે, અમે તમને અમદાવાદ મંદિરના મહંત કર્યા છે અર્થાત્ અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરોમાં થયેલા સર્વે મહંતો, શ્રીહરિની ઈચ્છાનુસાર ધર્મવંશી આચાર્યશ્રી દ્વારાએ નિમાયેલ છે. તે સર્વે મહંતો શ્રીહરિના પ્રતિનિધિઓ છે. આ સર્વે મહંતોને જ્યારે કોઈ કામ-કાજ અંગે કોઈની સલાહ-સૂચન લેવું હોય ત્યારે, ધર્મવાળા વડીલ સદ્‌ગુરુ સંત હોય તેને પૂછવું. અને ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને મંદિરનો વહીવટ કરવો, દેશ વિભાગના સમયે અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના વડીલ સદ્‌ગુરુ, સમર્થ સંત મહાનુભાવાનંદ સ્વામીને શ્રીહરિએ મોટેરા સંત તરીકે પ્રસ્થાપિત કરેલા તેથી સર્વે ત્યાગીઓને આ મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું શ્રીહરિએ જણાવ્યું. **આમ શ્રીહરિ લખાવે છે કે અમદાવાદ, ભૂજ વગેરે મંદિરોના મહંતોએ મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું** અર્થાત્ મહંતોએ પણ સમર્થ ધર્મવાળા સંતવર્યની આજ્ઞામાં રહેવું પણ મનસ્વીપણે ક્યારેય વર્તવું નહી.

નરનારાયણદેવ દેશના સમગ્ર ત્યાગી સાધુ-બ્રહ્મચારીઓને મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવા જણાવ્યું અને તે પણ ધર્મવંશી આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજીની મરજી લઈને ! સાક્ષાત્ અક્ષરધામના અધિપતિ શ્રીહરિ પણ આ લોકમાં ધર્મવંશી આચાર્યશ્રીની કેટલી બધી આમન્યા રાખતા તે ભાવ અહીં દેખાય છે. ધર્મવંશીની મરજી માત્ર મૌખિક લીધી નથી પરંતુ તે માટે તો, આ પત્રના મથાળે જે મહોર-છાપ છે તે પણ અયોધ્યાપ્રસાદજીની છે ! શ્રીહરિની ચીવટતા ઉડીને આંખે વળગે તેવી છે. શ્રીજી પણ ધર્મવંશી આચાર્યશ્રીની મરજી વિના કોઈ કાર્ય કરતા નહિ. શ્રીજીનું આચરણ એ જ આપણા માટે ઉપદેશ છે. આજના યુગમાં આપણે પણ વહીવટનું કોઈ કાર્ય હોય કે ધર્મકાર્ય હોય પણ તેમાં ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે જ વર્તવું. શ્રીજીએ પણ પોતે મહંત તરીકે સદ્‌ગુરુઓની નિમણુંક કરી પણ, મેનેજમેન્ટના સિદ્ધાંતો અનુસાર તેમને અબાધિત સત્તા આપી નથી. તેઓએ મંદિરના વહીવટ માટે જ્યારે ખર્ચ કરવાનો હોય ત્યારે વડીલ સંતને પૂછવું અને આ વડીલ સંત સહિત સર્વે ત્યાગીઓએ ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહેવું એમ આજ્ઞા કરી. કેમ જે શ્રીહરિએ સ્વમુખે જ જણાવ્યું છે કે, આજે ધર્મવંશી આચાર્ય છે તે અમારા સ્થાને છે તેમનું સેવન-પૂજન એ અમારું જ સેવન-પૂજન છે એમ સર્વે જનો જાણજ્યો.

સુચારુ વહીવટ અર્થે શ્રીજી સ્વરૂપ ધર્મવંશી આચાર્યશ્રી દરેક મંદિરોના મહંતોની નિમણુંક કરે, દરેક સંત-હરિભક્તો તેમની આજ્ઞા માથે ચડાવે અને આ ધર્મવંશી આચાર્ય સંતોને આદર થકી માને, વહીવટી દૃષ્ટિએ સુંદર લોકશાહી ઢબે સર્વેના સાથ-સહકાર-સંપથી એક વ્યક્તિના નેજા હેઠળ કલ્યાણને માર્ગે કેવી રીતે ચલાય તેના સુંદર પાઠો શ્રીહરિએ આપણને શીખવ્યા છે.

અનુ. પેજ નં. ૧૧ પર

# અહિંસા - મનુષ્ય માત્રનો સૌથી મોટો ધર્મ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

કાલુપુર સ્વામિનારાયણ મંદિર આખા વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌથી પહેલું મંદિર છે. આ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈને પોતાનું જ સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે. અર્થાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ મંદિરમાં શ્રી નરનારાયણ સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે. સ્વામિનારાયણ ભગવાન કોઈપણ મનુષ્યને હિંસા કરવામાં અનુમતિ આપતા નથી. સર્વ શાસ્ત્રોના સારરૂપે શ્રીહરિએ શિક્ષાપત્રી લખી છે. તેમાં મનુષ્યમાત્રના સામાન્ય ધર્મોમાં સૌથી પ્રથમ ધર્મ-અહિંસા બાબતનો લખ્યો છે કે અમારા આશ્રિત જનોએ કોઈપણ પ્રાણીમાત્રની હિંસા કરવી નહી, અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ વગેરે જીવની પણ હિંસા કદીયે કરવી નહી. વળી આગળ લખ્યું છે કે સ્ત્રી, ધનને સામ્રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની કોઈપણ કાળે કોઈપણ પ્રકારે હિંસા ન કરવી. આ શિક્ષાપત્રી પાળે એ જ સાચા અર્થમાં સ્વામિનારાયણનો આશ્રિત ગણાય છે. કોઈ માણસ ધર્મનો લોપ કરીને પછી એમ કહે કે અમે સ્વામિનારાયણ ધર્મ પાળીએ છીએ કે અમે વૈષ્ણવ છીએ તો એ વાત ખોટી ઠરે છે. મંદિરે જવા માત્રથી સ્વામિનારાયણ ધર્મના થઈ જવાતું નથી. સ્વામિનારાયણ ભગવાનને ગમતામાં રહીએ તો જ સંપ્રદાયના આશ્રિત કહેવાઈએ. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સૌ પ્રથમ માનવતાના પાઠ શીખવાડ્યા છે. સૌ પ્રથમ સાચા માણસ બનવાનું શીખવાડ્યું છે ત્યાર પછીના શ્લોકોમાં જ મંદિર, પૂજા વગેરેની વાત લખી છે. શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાના આશીર્વચનમાં ઘણીવાર આ વાત કહે છે કે **Be human first** - પ્રથમ માણસ બનીએ. એક માણસ બીજા માણસનું ખૂન કરી નાખે તો એ માણસની વ્યાખ્યામાં ક્યારેય આવી શકતો નથી એટલું જ નહીં પરંતુ શિક્ષાપત્રી ભાષ્યમાં ત્યાં સુધી લખ્યું છે કે મનુષ્યને મારનારને નરકનું દુઃખ ભોગવ્યા પછી પણ મનુષ્યનો દેહ મળતો નથી. મનુષ્યના હણનારને અત્યંત દુઃખ થાય છે. આત્મહત્યા કરવાનો પણ શાસ્ત્રોમાં નિષેધ કહ્યો છે તો પછી અન્યની હત્યા કરવાનો આપણને અધિકાર ક્યાંથી હોય ? માટે મૂર્ખામી, અજ્ઞાનતા કે પછી પોતાની અધમ રાક્ષસીવૃત્તિનું પ્રદર્શન કરીને ક્યારેય કોઈએ પણ આવા પવિત્ર ધર્મ કે મંદિરને વચ્ચે લાવવા નહીં, પોતે કોઈ એમ માનતા હોય કે અમે આ ઝોકના છીએ તો ક્યારેય પણ ઝોકને લજવવી નહિ.

મન, કર્મ, વચને કોઈપણ પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો તેને અહિંસા કહે છે. સર્વ પ્રાણીઓને પોતાના આત્મા જેવા જ જાણવા પણ બીજી રીતે ન જાણવા. આપણા શરીરનો કોઈ ઘાત કરે અને જે પીડા થાય તેવી જ પીડા અન્ય પ્રાણીઓને પણ થતી હોય છે. તે પ્રાણીઓના જે નિઃસાસા નીકળે છે તે જ પાપરૂપે થઈને આપણે તેની સજાના રૂપે ભોગવવા પડે છે. માટે જ શ્રીમદ્ ભાગવદ્માં શુકદેવજીએ પણ કહ્યું છે કે ઝીણા જીવોને મારવાથી પણ મનુષ્યને અંધકૂપ નામના નરકની પ્રાપ્તિ થાય છે અને તે જ પશુ, પક્ષી, મૃગ, સર્પ, ચાંચડ, જુ, માંકડ, માખ વગેરે તે પુરુષને તે નર્કમાં દુઃખ દે છે. વળી કહેલું છે કે બ્રહ્મ દંડથી બળી ગયેલો અને પ્રાણીમાત્રને ત્રાસ આપનાર જે જે યોનિમાં તે જાય છે તેમાં નારકી લોકો પણ એને સ્વીકારતા નથી. હિંસાથી સર્વ અનર્થની પરંપરા વાળા એવા સંસારની પ્રાપ્તિ થાય છે. અહિંસા ધર્મની મહત્તા તો સકળ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ભારતમાં ભીષ્મે કહ્યું છે કે ધર્માત્મા મનુષ્યે સર્વ કર્મને વિષે અહિંસાને મુખ્ય ધર્મ તરીકે કહેલી છે. સર્વ ધર્મોથી તથા પ્રાણીમાત્રથી અહિંસા શ્રેષ્ઠ મનાયેલી છે.

મોક્ષ ધર્મમાં કહેલું છે કે પ્રાણીની અહિંસાથી કોઈપણ શ્રેષ્ઠ ધર્મ નથી. સામ્રાજ્યને મેળવવા પણ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા કોઈપણ મનુષ્યની કોઈપણ પ્રકારે તેનો મોટો અપરાધ હોવા છતાં હિંસા ન કરવી. કેમ

અનુ. પેજ નં. ૧૪ પર

# સેવા

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

ભગવાન સમીપે નિરંતર વાસ કરવો હોય તો 'સેવા'એ સર્વોત્તમ સાધન છે. ધર્મ કે સંપ્રદાય પરત્વે કરવામાં આવતી સેવામાં Gives Take પોલિસી ન હોય. હા એમાં સકામ અને નિષ્કામ એવા બે પ્રકાર જરૂર હોય છે.

શ્રીહરિએ નિષ્કામ સેવાને સર્વશ્રેષ્ઠ પદવી આપી છે. મહારાજનાં દર્શન અને કથાવાર્તાનો લાભ જતો કરીને પણ રતનજી અને મિયાજીએ લક્ષ્મીવાડીમાં સાફ સફાઈ કર્યા પછી બંન્ને દરબાર ગઢમાં સભામાં આવ્યા. શ્રીજી મહારાજે સમગ્ર સભામાં એમને ''ઉત્તમ સેવક'' એમ કહીને બિરદાવ્યા. આ બાજુ મૂળજી બ્રહ્મચારીની અખંડ સેવાને ઉત્તમ કહીને એમના ગુણોને ઈશ્વર જેવા ગણાવ્યા. આ સર્વે હરિભક્તો માત્ર નિષ્કામ સેવાને વરેલા હતા. ''અમારે તો માત્ર મહારાજને રાજી કરવા છે'' એ જ એક માત્ર ઉદ્દેશ કે અભિગમ એમનો હતો.

સકામ સેવા એટલે સેવાનાં બદલામાં કંઈક પ્રાપ્ત કરવાની ખેવના. પછી એ સંકલ્પ હોય કે સુખ પરંતુ આવી સેવામાં ભય એ છે કે મનમાં ધારેલ સંકલ્પ પૂરો ન થાય તો પરમાત્મા તથા સત્સંગ બન્નેમાંથી પાછા પડી જવાય છે.

કોઈપણ ધર્મ હોય કે સંપ્રદાય હોય - એ સેવાના અખંડ પ્રવાહથી જ ચાલતો રહે છે. પૈસો ચોક્કસપણે પરમ ચીજ છે અને ધન થકી જ સર્વે કાર્યનો અર્થ સરે છે. ધનાઢ્ય ગૃહસ્થ ભક્તો મંદિર માટે કે દેવના વિવિધ ઉત્સવો માટે છૂટા હાથે ધનની સેવા જ જો ન કરતા રહે તો સમજી શકાય છે કે સત્સંગનું કોઈ પણ કાર્ય પૂરું જ ન થાય ! અને એટલે જ મુખ્ય યજમાન સહ યજમાનોને સર્વ પ્રથમ બિરદાવવામાં આવે છે અને એમનાં સેવા કાર્યોની સર્વ પ્રથમ નોંધ લેવાય છે. આ એક વ્યવહાર છે અને ધને કરીને જે મોટા હોય તથા સમાજમાં જેમની પ્રતિષ્ઠા હોય એવા જે ભક્તજનો એમને હંમેશા આગળ કરવા - શ્રીહરિની આવી આજ્ઞા પણ છે.

સેવા જેટલી નીચી તેટલું એનું ફળ ઊંચું ગણાય છે. ઉકા ખાચરે પણ શ્રીહરિનાં દર્શન અને જ્ઞાનવાર્તા કરતાં કૂતરાએ બગાડેલું સાફ કરવાના સેવા કાર્યને પ્રથમ ગણ્યું. ઓટો સાફ કરીને, ફરીથી સ્નાન કરીને પછી સભામાં આવ્યા. શ્રીજી મહારાજે તથા સમગ્ર સભાએ તેમની આ ''નીચે ટહેલ'' ને તાળીઓના ગડગડાટથી વખાણી !

ભગવાન કરતાં ય એના ભક્તોની સેવા પરમાત્માને સવિશેષ પ્રિય છે. વળી સેવા કરતાં પણ એ સેવા પાછળ રહેલી ભક્તની ભાવના કે ઉદ્દેશયનું મહત્વ શ્રીહરિ માટે અધિક મહત્વનું છે. ગંગાબાઈ ગરીબ હતી તો સામે જમના બ્રાહ્મણ હતી અને પૈસાદાર પણ હતી. છતાંય ગંગાબાઈનો ભાવ વધી ગયો અને મહારાજ એકલા જ એ બાઈના ઘેર ગયા અને બાઈએ ભાવનાથી જે પણ ભોજન બનાવેલું તે પ્રેમથી આરોગ્યું, અને બાઈ જમનાનો રસાળથાળ સપ્રેમ પાછો મોકલાવ્યો ! જેતલપુરમાં પણ અનેક પકવાનોને બાજુ પર રાખી જીવણ ભગતનો મઠનો રોટલો સામેથી માંગીને ભરી સભામાં પ્રેમપૂર્વક આરોગ્યો.

પરમાત્માને તો પહેલેથી જ વિદુરજીની ભાજી જ વધારે ગમી છે અને દુર્યોધનના ૩૨ પકવાનને તિલાંજલિ આપી છે. સુદામાનાં મુઠી ભર તાંદુલ અધિક મીઠાં લાગ્યા છે તો શબરીબાઈના ચાખેલાં બોર ધરાઈને ખાધાં છે ! આ સર્વે પ્રસંગોમાં ભક્તની ભાવના દીપી ઊઠી છે.'' મારો ભક્ત ગરીબ છે કે વ્યવહારે દુબળો છે એ મહત્વનું નથી એની સેવાની સર્વોપરિ ભાવના જ મને અદકેરી વહાલી છે.''

જીવનભર જીવન નિર્વાહ માટે મહેનત મજૂરી કરતાં રહીએ છીએ ત્યારે એ થકી ઉપાર્જિત થતું ધન હરહંમેશ જીવનને ગતિશીલ અને પ્રગતિશીલ બનાવે તે માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને સુંદર આજ્ઞા કરી છે. અને સાચું પૂછો તો પ્રત્યેક ગૃહસ્થી જો એ આજ્ઞાને અનુસરે તો સહજ રીતે એના જીવન વ્યવહારની ચિંતા મહારાજ પોતે જ કરતા રહે છે એમાં કાંઈ સંશય નથી.

''અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક તે થકી

દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો. ।।શિ. ૧૪૭।।

દશાંશ કે વિશાંશ કૃષ્ણાર્પણ કરાવની વાત મંદિરના નિભાવખર્ચને પહોંચી વળવા માટે નથી પરંતુ એ થકી પોતાનાં આશ્રિતજનોની દ્રવ્ય શુદ્ધિ કરવાનો સરળ ઉપાય શ્રીહરિએ સૂચવ્યો છે

શ્રી સ્વામિનારાયણ ભગવાને સેવાનો બીજો એક સુંદર પર્યાય આપ્યો છે અને તે છે ''સંભાવના'' સંભાવના એટલે આદર થકી સેવા અને તે દ્વારા સાર સંભાળ લેવી એવો એનો અર્થ છે.

શિક્ષાપત્રી શ્લોક ૬૭, ૧૩૧, ૧૪૨ એ સર્વેમાં ''સંભાવના'' ઝળહળી ઊઠે છે ?

''અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ।।૧૩૯।।

સેવા ભાવનાનું આ સર્વોત્કૃષ્ઠ ઉદાહરણ શ્રીહરિએ આજ્ઞા સ્વરૂપે વણી લીધું છે.

અંતમાં પરમાત્માનાં દર્શને જતા હોઈએ ત્યારે ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ અર્પણ કરવી - આ સંસ્કાર એ જ સેવા ભાવનાનું સાચું ઉદ્‌ગમ સ્થાન છે.

**અનુ. પેજ નં. ૮ નું**

કલ્યાણને અર્થે આર્થિક વહીવટને ગૌણ કરીને ધાર્મિકતાને મહત્વ આપનારી સોનેરી શિખામણો આ સંપ્રદાયના પાયામાં છે.

વળી શ્રીહરિ જણાવે છે કે, અમદાવાદ શ્રીનરનારાયણના સાધુ બ્રહ્મચારીઓનો અયોધ્યાપ્રસાદજીની આજ્ઞામાં રાખ્યા છે. તે ભણવાવાળા સંતો હોય કે 'રમતા સાધુ' અર્થાત્ સેવામાં જોડાયેલા સંતો હોય તે સર્વે ધર્મવંશીની આજ્ઞામાં રહે. શ્રીહરિને પોતાના સાધુ બ્રહ્મચારી ત્યાગી વર્ગમાં અતૂટ વિશ્વાસ છે કે, મારા ત્યાગીઓ મારી આજ્ઞા પ્રમાણે જરૂર વર્તશે. આ સાથે જ ચેતવણી આપતાં તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે, જેઓ અયોધ્યાપ્રસાદજીની આજ્ઞામાં નહિ રહે અને 'બીજે ઠેકાણે' જાશે તે સાધુ વચનદ્રોહી ને ગુરુદ્રોહી છે ને સત્સંગથી બાહેર છે. જો સંતો-ત્યાગી વર્ગની આ સ્થિતિ હોય તો, ગૃહસ્થ હરિભક્તોએ તો વધુ સાવધ રહેવું ઘટે. આપણે ખૂબજ કાળજીપૂર્વક ધ્યાન રાખવું કે આપણે નરનારાયણદેવને મૂકીને 'બીજે ઠેકાણે' તો નથી જતા ને ? નહિ તો, શ્રીહરિ આપણને ચોક્કસપણે સત્સંગથી બહાર જ ગણશે, તેમાં કોઈ શંકા નથી. આ નરનારાયણદેવની ગાદીનો આશરો છોડીને જે જનો 'બીજે ઠેકાણે' ગયા છે તે સર્વે સત્સંગથી બહાર છે તેવું શ્રીહરિએ સ્વયં લખીને જણાવ્યું છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કલ્યાણ નિર્ણયમાં જણાવે છે કે,

**જે જે કહ્યાં હરિએ વચન રે, તેમાં રહે જિયાં લગી જન રે,**
**તિંયા લગી તારે જીવ બહુ રે, પામે હરિના ધામને સહુ રે.**
**જ્યારે નિસરે વચનથી બા'રે રે, ત્યારે પોતે ન તરે, તારે રે.**
(નિર્ણય ૧૭)

આ પત્ર ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આપણે ગમે તેવા મોટા પદાધિકારને પામ્યા હોઈએ તો પણ ધર્મવંશીની આચાર્યશ્રીની આજ્ઞામાં રહેવું. પદાધિકાર હોવા છતાં પણ મંદિરમાં ખર્ચ કરતી વખતે વડીલ સંતવર્યની સલાહ સૂચન લઈને આચાર્યશ્રીની મરજી પ્રમાણે વહીવટ કરવો, ભણવા રૂપી કાર્યરત હોઈએ કે સેવાકાર્યમાં રત હોઈએ પણ ધર્મવંશીની આજ્ઞાનું અનુસંધાન અચૂક રાખવું ઘટે, અર્થાત્ વિદ્યાગુણે કરીને છકી જવું નહિ અને સેવા કર્યેથી માન-મોહ-અહંકારમાં તણાઈ જવું નહિ, આજ્ઞાથી બહાર વર્તાઈ જવાશે તો આપોઆપ સત્સંગથી બાહેર થઈ જ જશું તેનું નિત્યે અનુસંધાન રાખવું.

ભગવાન શ્રીહરિએ સ્વયં લખાવેલા આવા અનેક પત્રો, જેમાં સંત હરિભક્તોને આજ્ઞા, સોનેરી સૂચનો, કેમ વર્તવું તેની રીતભાત વગેરે છે, તેવા હસ્તલિખિત મૂળ પત્રો પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તેમની અંગત પ્રસાદીની લાયબ્રેરીમાંથી સત્સંગ સમાજને અર્થે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવ્યા છે. સૌ તેના ધ્યાનપૂર્વક દર્શન કરી તેનું સ્મરણ રાખીને તે પ્રમાણે વર્તજ્યો. તેનાથી શ્રીહરિનો ઘણો રાજીપો થશે.

# શ્રીહરિની ગુપ્ત યોજના

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

મહારાજ ! જય નારાયણ

જય નારાયણ, આવો સુરા ખાચર હું તમને જ યાદ કરતો હતો. એક કામ સોંપવું છે.

ભલે મહારાજ હુકમ કરો. ભગવાન શ્રીહરિ એકાંતમાં બેઠા હતા ત્યાં સુરા ખાચર જઈ ચડ્યા.

વાત ગુપ્ત રાખવાની છે. તમે અને હું બે જ જાણીએ.

અરે બાપા ! ગુપત રાખીશ ગુપત. કોઈને નહિ કહું. કહો તો સમ ખાઉં.

આ સોમાબા બધાની રસોઈ જમે છે ખરા પણ પોતે રસોઈ નથી આપતા. તમે એમની પાસે જાઓ. એ રસોઈ આપવા તૈયાર થાય એવું કંઈક કરો. પણ જોજો હો મારું નામ ભૂલે ચૂકેય લેતાં નહી.

સોમાબા એટલે દાદા ખાચરની ફોઈ

લાગ જોઈને સુરાખાચર પહોંચ્યા સોમાબા પાસે. સોમાબાએ આશ્ચર્ય વ્યક્ત કરતાં મીઠો આવકાર આપ્યો. પછી કહ્યું, કોઈ દિવસ નહી ને આજે તમે આવ્યા. નવાઈ લાગે છે. કંઈ કારણ છે. આવવાનું ?

ઓસરીની જેર ઉપર બેઠક લેતાં કહ્યું, હા, એવું ખરું. બા ! એક વાત કહેવા આવ્યો છું. પણ મારી વાત મહારાજ સુધી ન પહોંચે એવી અરજ છે. મહારાજ તો શું પણ કોઈનેય ખબર ન પડે એમ ગુપત રાખજો.

સુરા ખાચર ! ખાતરી રાખજો કોઈનેય નહિ કહું.

ભલે, બા ખોટું ના લગાડતા. આજ મધરાતે મારી ઊંઘ ઊડી ગઈ. જીવ વિચારે ચડી ગયો. એમાં એક વિચાર આવ્યો કે અહીં ઘણા હરિભક્તો અવાર-નવાર રસોઈ આપે છે. સ્વાદિષ્ટ રસોઈ જમવામાં કેટલો બધો આનંદ આવે છે ? સાચું કહેજો. હું તો સારું સારું ખાવાનો રસિયો. જે દિવસ રસોઈ હોય તે દિવસે હું બે પેટ કરી ખાઈ લઉં. પછી થાવું હોય તે થાય. એમાં તમે યાદ આવ્યા કે સોમાબાએ હજી સુધી રસોઈ નથી આપી. મારું કહેવું છે કે તમે એક રસોઈ આપો. મહારાજ રાજી થશે. આપણે કોઈના મેણાં ન ખાવા પડે. આ વિચાર મને આવ્યો હતો એ તમને કીધો એટલા માટે હું આવ્યો છું. તમે વિચારજો. લ્યો બા જાઉં છું. વળી કો'ક મને ભાળી જશે.

સોમાબા બોલ્યા સુરાભઈ ! તમારી કાઠી કળા તો અજમાવતા નથી ને ?

સુરા ખાચરે કહ્યું, ભણે બા, તમારા પાસેથી અમારે શું લેવું છે ? અને મારે ખોટું બોલવાની યે શી જરૂર છે ? મહારાજ પાસે કે કોઈ બીજા પાસે ક્યારેય બોલીએ એ વાત જુદી છે પણ તમારી પાસેથી અમારે શું લેવું છે ?

અઠવાડિયું ખમો. તમારી વાત પર વિચાર કરીશ. બાએ કહ્યું.

સુરાખાચરે દલીલ કરી બા ! ભલે વાટ જુઓ. મહારાજ ઘણીવાર કહેતા હોય છે ધરમનું કામ હોય તો વાર લગાડવી નહિ. ઝટપટ કરી નાખવું. કાલની કોને ખબર છે. હું તો આવું સમજું છું. ઠીક લ્યો આ બધું છાનું રાખજો. અઠવાડિયા પછી આવીશ.

આવજો. પણ તમને ખબર છે કે મહારાજે પણ રસોઈ નથી આપી ? મને કહો છો તો એમને પણ કહેજો.

ઈ સાચું કીધું બા. હું દાણો દબાવી જોઈશ. પણ શ્રીહરિ તો રાજાધિરાજ છે. હા યે પાડે અને ના યે પાડે. મહારાજ ના પાડશે તો હું રસોઈ આપીશ બસ ! ઠીક લ્યો. જયનારાયણ. અઠવાડિયા પછી ખબર કાઢીશ.

ભલે, પણ મહારાજ પાસેથી આપણે દૂધ પાકની રસોઈ લેશુ હોંકે. હું તો મોતીયા જલેબીની રસોઈ આપીશ. મારી રસોઈ પછી બીજે જ દિવસે મહારાજની રસોઈ રાખવાની એટલી ચોખવટ કરી લેજો. રસોઈની હા પાડે તો જ વાત કરજો નીકર હું પણ રસોઈ નહિ આપું. બા એ સુરાખાચરને કહ્યું.

સુરાખાચર મહારાજ પાસે આવ્યા. ચાર પાંચ સંતો બેઠા હતા. સુરાખાચરે કહ્યું, ભણે મહારાજ, મારે એક ગુપત વાત કરવી છે. શ્રીહરિએ સંતોને ઊઠવા આજ્ઞા કરી. પછી સુરાખાચરે કહ્યું, સોમાબા તૈયાર તો થયા છે. પણ એક ડખો ઊભો થયો છે. એમણે એવી શરત મૂકી છે કે હું રસોઈ આપું એને બીજે જ દિવસે મહારાજ દૂધપાકની

રસોઈ આપે. હવે બધું તમારા ઉપર આવ્યું. તમે શું કીયો છો ? પાછી એને ખબર કરવી પડશે ને ?

કહેજો કે અમે રસોઈ આપવા તૈયાર છીએ.

સુરાખાચર સોમાબા પાસે આવ્યા. કહ્યું, ભણે બા, પાસાં તો સવળા પડ્યા છે. મહારાજે હા પાડી છે. હવે કરો તૈયારી. તમારી મરજી હોય તે દિ' આપો રસોઈ.

એક દિવસે સોમાબા શ્રીહરિ પાસે આવ્યા. મોતીઆ જલેબીની રસોઈ આપવાની ઈચ્છા વ્યક્ત કરી. આ બધું તંત્ર ગોઠવનારા મહાપ્રભુ મુશ્કુરાયા. ભત્રીજા દાદા ખાચરને બોલાવી કહ્યું કે સોમાદેવીને સંત હરિભક્તોને રસોઈ દેવી છે તો તમે એની વ્યવસ્થા કરો.

સવારે રસોઈ જમીને સુરાખાચર ઘેર જવા તૈયાર થયા. સોમાદેવીએ કહ્યું, એમ ક્યાંથી જશો ? કાલની રસોઈ અપાવીને જવાનું છે. સુરાખાચરે મહારાજને યાદ દેવડાવ્યું. હવે સોમબાની શરતનો અમલ કરો.

બીજે દિવસે શ્રીહરિએ દાદા ખાચરને દૂધ માટે વાત કરી. દાદા ખાચર કહે, આ ગામમાંથી તો માંડ માંડ પાંચેક મણ દૂધ મળે. એમાં કાંઈ બને નહિ. મહા પ્રભુ બોલ્યા. લ્યો અમે માંડવધાર જઈ આવીએ. એ ગામમાં ભરવાડોની વસતિ ઘણી છે ત્યાંથી દૂધ મળી રહેશે.

માંડવધાર પહોંચી માણકીના માણીગરે ભરવાડ સમૂહના આગેવાનને કહ્યું, અમારે વીસ મણ દૂધની જરૂર છે આપશો ? શ્રીહરિની વાત સાંભળી ગામના બધા ભરવાડો ભેગા થઈ ગયા. ભરવાડના મોવડીએ કહ્યું, હે સ્વામિનારાયણ ! તમને દૂધ ન અપાય. તમે તો મંત્ર તંત્રવાળા છો. મેલી વિદ્યા જાણનારા છો. કામણ ટુમણિયા છો. અમે દૂધ આપીએ તો અમારી ગાયો-ભેંસો વહૂકી જાય. અમારા પશુઓને મારી નાખો એવા છો. તમારી મેલી વિદ્યાના કરતૂત અમે સાંભળ્યા છે. માટે ઘોડીએથી નીચે ઊતર્યા વગર જેવા આવ્યા છો તેવા વયા જાઓ.

ભરવાડોના દુષ્ટ વચનો સહન કરીને નિર્માની પ્રભુ પાછા આવ્યા. દાદા ખાચરને કહ્યું, એ લોકોએ તો દૂધ આપવા ના પાડી. આપણે બીજી કોઈ તજવીજ કરવી પડશે. આજે નહિ બને.

રાત્રે થાળ જમ્યા પછી સર્વકર્તા શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું, આવતી કાલે રસોઈ ચોક્કસ છે. પૂરીઓ બનાવવા માટે પૂરતો લોટ ભેગો કરાવી રાખજો. તાવડા અને રંગાડા સાફ કરાવી લેજો. શાક બકાલાની જોગવાઈ પણ કરી લેજો. રસોઈની તૈયારી વહેલી સવારથી જ કરવા માંડજો. દૂધના તો કાંઈ ઠેકાણાં ન હોતા છતાં વિશ્વાસુ દાદા ખાચરે બધી ગોઠવણ કરી લીધી.

સવારના પહોરમાં ભરવાડણો દૂધના દેગડા માથે લઈને દાદાખાચરના દરબારમાં આવી બૂમ પાડી. સ્વામિનારાયણ અહીં રહે છે કે ? દાદા ખાચર દોડતા ઓરડામાંથી બહાર આવ્યા અને કહ્યું, હા બોન, પણ અત્યારે તેઓ પૂજા વિધિમાં છે. ભરવાડણો બોલી, લ્યો આ દૂધ લઈ લ્યો. દૂધ લઈ લીધું પછી દાદાખાચરે પૂછ્યું, બોન દૂધના કેટલા પૈસા આપવાના છે ? તો કહે અમારા ઘરવાળાએ ના પાડી છે એટલે પૈસા નથી લેવાના એમ કહેતી કહેતી બધી ગોપીઓ જતી રહી.

માંડવધારમાં વીરો ભરવાડ ફળિયામાં ખાટલે બેઠો હતો. રસોડામાં રોડલા ઘડતી પત્નીને બૂમ પાડી. બે ચાર રોટલા વધારે કરજે. કાલે વાવડિયે જાવું છે. અને આમ બાર આવ એક વાત કરવી છે. પત્ની બહાર આવી ત્યારે કહ્યું. જો સ્વામિનારાયણ દૂધ લેવા આવે તો ચોખ્ખી ના પાડી દેજે. વાહલાને કહી દેજે એ પણ ન આપે. વાહલો એનો ભાઈ હતો.

બીજે દિન મોં સુઝણું થયા પહેલા વીરો વાવડિયે જવા નીકળ્યો પણ થોડીવારમાં તો એ પાછો આવ્યો. વાસીદું વાળતી ઘરવાળીએ પૂછ્યું કેમ પાછા આવ્યા ?

વીરો ખાટલો ઢાળીને બેઠો. ડાંગ હેઠે મૂકી. ઘરવાળીને કહે તું વાસીદું પડતું મૂક્ય. અહીં આવીને બેસ્ય. પત્ની વીરા પાસે આવી ખાટલા પાસે બેઠી. પતિએ વાત શરૂ કરી. હું મારગમાં જાતો તો તારે મારી વાંહે જબરો એરુ પડ્યો. વાંહે વાંહે હાલ્યો આવે મેં ડાંગ બે ચારવાર ભોંય પર ઠપકારી પણ બીનો નહિ. ઊલ્ટી મારી સામે ફેણ ચડાવી ફૂંફાડા મારવા લાગ્યો. હું દોડીને ઝાડ ઉપર ચડી ગયો તો ઈ પણ તાં આવી ઝાડને વીંટળાઈ વળ્યો. હું તો બહુ મુંઝાણો, પછી મને તરત વિચાર આવ્યો કે સ્વામિનારાયણને દૂધની ના પાડી છે એટલે તો નહી હોય ? પછી મેં એવી માનતા લીધી કે જો એરુ વયો જાય તો હાલને હાલ ઘરે જઈ આજે જ દૂધ મોકલાવી દઉં. તાં તો તરત

એરુ વીજળીની જેમ અલોપ થઈ ગયો. મેં મારી નજરે જોયું. માટે તું આખા ગામનું દૂધ અતારે ને અતારે જ ગઢડે સ્વામિનારાયણને પુગાડી દેવાનું કરજે. વાર કરતી નહિ. વાહલાને કહેજે ઈ ગઢડે જાય. અને્ દૂધના પૈસા આપે તો લેવા નહિ. લે હવે હું જઉં છું.

રાતે વીરો ઘેર આવ્યો. ખાટલે બેઠો. હરખુડી ભરવાડણ તરત વાત કરવા લાગી. તમારા કીધા પરમાણે બધું દૂધ ગઢડે પુગાડી દીધું છે. પૈસા પણ નથી લીધા. તમે હેમ ખેમ પાછા આવ્યા ઈ જ મારે ઘણું છે. બપોરે બે જણા આવ્યા તાં. દૂધપાકની પરસાદી દઈ ગયા છે. અમે તો ના પાડી. પરસાદી નહિ લઈએ. તમારી પરસાદી ખઈએ ને ગાંડા થઈ જઈએ તો શું થાય ? પણ ભગુભઈએ કીધું કે પરસાદીનું અપમાન ન થાય. ગાંડા થઈ જાશું તો આપણે બધાંય થઈ જાશું. પછી પરસાદી લીધી પણ કંઈ થયું નથી. તમારે માટે રાખી છે લ્યો લઈ આવું.

વીરો ભરવાડ ક્રોધથી રાતો પીળો થઈ ગયો. ઘરવાળીને કહ્યું. હું તો કંઈ પાછો આવ્યો નથી અને એરુ-બેરુ કંઈ મારી વાંહે નહોતો પડ્યો. આ બધું સ્વામિનારાયણનું તરકટ છે. એમ બોલીને ઘણી હૈયા વરાળ કાઢી. પછી પ્રસાદ ખાધો એટલે મગજ શાંત થયું. હૃદયમાં દૈવીપણાનો ઉદય થયો. પણ દૂધના પૈસા નહોતા લીધા એ એને કઠયું. બીજે દિવસે સવારે પાંચ ભરવાડોને સાથે લઈ ગઢડે સ્વામિનારાયણને વઢવા ગયો. દાદાખાચરના દરબારમાં જઈ છયે જણા ઉભા રહ્યાં. ત્યાં તેમણે એક મોટું આશ્ચર્ય જોયું. સામે મોર મુગટધારી શ્રીકૃષ્ણ ભગવાન વાંસળી વગાડતા હતા. તેમની પાસે છ ગોવાળો ઊભા હતા તે બીજા કોઈ નહિ પણ વીરો અને તેના મિત્રો જ હતા. આમ છજણાનું એક સ્વરૂપ અહીં હતું તો બીજું સ્વરૂપ સામે શ્રીકૃષ્ણ સાથે હતું. આવું આશ્ચર્ય એ ઘડી જોયું. પછી એ દશ્ય અદ્રશ્ય થયું. અને નીંબતરુ નીચે સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન હતા તે મૂળ સ્વરૂપ જોયું. વીરો બધો દ્વેષ ભાવ ભૂલી ગયો. અને બોલ્યો હે સ્વામિનારાયણ અમે તમારી પરસાદી જમી રાજી થયા છીએ. અમારા જોગું કામ હોય તો કહેજો એમ કહી મિત્રો સાથે વિદાય થયો.

મહાપ્રભુ હસતા હસતા તેમને જોઈ રહ્યા.

**અનુ. પેજ નં. ૯ નું**

કે મનુષ્ય દેહ અતિ દુર્લભ છે તથા ચારે પુરુષાર્થ-ધર્મ, અને, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનારો છે તેથી તેવા દેહનો નાશ થયેથી સર્વનો નાશ થાય છે.

યાજ્ઞવલ્ક્ય કહે છે કે અજાણતા જે પાપ થયેલું હોય તે પ્રાયશ્ચિતથી નાશ પામે છે પણ જાણીને જે પુરુષ પાપ કરે છે તે આ લોકમાં વ્યવહાર કરવા યોગ્ય જ થાય છે પણ તેને નર્કનું દુઃખ ટળતું નથી. કારણ કે પ્રાયશ્ચિત કરવાથી તેનું પુણ્ય પણ મળે છે અને મૂળ પાપનું દુઃખ પણ ભોગવે છે. માટે મનુષ્ય વધ કરવા જેવું અતિશય હીન કર્મ કરવા માટે કોઈએ મંદિરમાં જઈને ભગવાન પાસે માફી માગવા જવું એ તો પોતાના આત્માને છેતરવા જેવું કાર્ય છે. ભગવાને આપણા માટે કંઈ બાકી રાખ્યું નથી. સ્વહસ્તે શિક્ષાપત્રી લખી છે માટે શિક્ષાપત્રી વાંચીને પછી કોઈપણ કાર્યનો નિર્ણય કરવો. ભગવાન માત્ર મંદિરમાં મૂર્તિમાં જ નથી રહેતા. શિક્ષાપત્રી પણ ભગવાનનું જ સ્વરૂપ છે. ધર્મવંશી આચાર્યશ્રી પણ શ્રીહરિનું જ સ્વરૂપ છે. તેમના પત્ની પ.પૂ. ગાદીવાળાશ્રી પણ લક્ષ્મીજીનું સ્વરૂપ છે. તેઓનું આશીર્વચન વાચંવા-સાંભળવાથી પણ રહસ્ય સમજાશે. શ્રીહરિએ હજારો સંતો તથા સાંખ્યયોગી બહેનોની ફોજ આપી છે. દુનિયામાં કોઈપણ સંપ્રદાયને આટલું મળ્યું નથી. અને છતાં તેનો લાભ ન લઈએ અને પછી પહાડ જેવડી ભૂલ કરી બેસીએ તો તેમાં દોષ કોનો ?

શિક્ષાપત્રીમાં શ્રીહરિના વિધિ (આમ કરવું) અને નિષેધ (આમ ન કરવું) એવા સ્પષ્ટ વચનો છે. જેઓ વચનમાં રહે તેના જ ધર્મ અને ભક્તિ વધે છે. જ્ઞાન, વૈરાગ્ય અને સુખ સંપત્તિ પણ વચનમાં જ રહ્યાં છે. ભગવાનનું ધામ પણ વચનમાં જ છે. સાધનમાત્ર વચનમાં આવે છે. વચન બહાર ચાલે તેને દુઃખ જ પ્રાપ્ત થાય છે. વચન તજવું તેણે બધાં સાધન તજ્યાં છે. વચન એ જ ખરાં વસ્ત્રાભૂષણ છે.

વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વચનવિધિમાં લખે છે,

ઉપાય એવો કરવો નહિ, જેણે કરી ખિજે જગદીશ,
રાજી કર્યાનું રહ્યું પરૂં, પણ હરિને ન કરાવો રીશ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

॥શ્રીઃ॥

પાંડે શ્રી અયોધ્યાપ્રસાદ હરિકૃષ્ણજી

લિખાવિતં સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત શ્રી અમદાવાદ મધ્યે સાધુ સર્વજ્ઞાનંદ સ્વામી નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે તમને અમે અમદાવાદના માહંત કર્યા છે તે તમારે કાંઈ કામકાજ પૂછવું હોય તો મહાનુભાવાનંદ સ્વામીને પૂછજો અને તમારી અમદાવાદની જાયગાના જે સાધુ છે તે સર્વે મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેશે. બીજું ભુજનગરની જાયગાના માહંત વૈષ્ણવાનંદ સ્વામીને કર્યા છે તે પણ મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેશે તથા બ્રહ્માનંદ સ્વામી આદિક જે ભણવાવાળા સાધુ તથા રમતા સાધુ તે સર્વે મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેશે. બીજું આજ દિનથી શ્રી નરનારાયણના તથા લક્ષ્મીનારાયણના સાધુ તથા બ્રહ્મચારી સર્વેનો વિભાગ કરીને જેટલા નરનારાયણના સાધુ તથા બ્રહ્મચારી છે તે સર્વેને અયોધ્યાપ્રસાદની મરજી લેઈને અમે મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રાખ્યા છે માટે તે પ્રમાણે સર્વે નરનારાયણના સાધુને તથા બ્રહ્મચારીને વરતવું અને અયોધ્યાપ્રસાદની જાયગાના માહંત અમે કર્યા છે તેને જે કાંઈ કામમાં દોકડો રૂપૈયો વાવરવો હોય તે મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞાએ કરીને વાવરવો પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોઈ બીજા સાધુને કહેવે કરીને કરવું નહી. બીજું સાધુ બ્રહ્મચારીની વેંચણ કરીને નરનારાયણના સાધુ બ્રહ્મચારીને અયોધ્યાપ્રસાદની આજ્ઞામાં રાખ્યા છે, જે સાધુ બ્રહ્મચારી અયોધ્યાપ્રસાદની આજ્ઞામાં જે નહિ રહેને બીજે ઠેકાણે જાસે તે સાધુ વચનદ્રોહી ગુરુદ્રોહી છે ને સત્સંગ બાહેર છે. સંવત ૧૮૮૬ ના ભાદરવા સુદી-૧

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખાવેલ આ પત્ર સમગ્ર શ્રી નરનારાયણદેવ દેશના સાધુ-બ્રહ્મચારી અને હરિભક્તોને ઉદ્દેશીને લખેલ છે અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીની મરજી-સંમતીથી સર્વેને મહાનુભાવાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવા જણાવ્યું છે અને સ્પષ્ટતા કરી કે જે ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં નહિ રહે અને બીજે જશે - બીજાને માનશે તે વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે અને સત્સંગથી બાહેર છે. આપણે સૌએ શ્રીજીની આ આજ્ઞા પાળવા સારું હંમેશા મન-કર્મવચને કરીને ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહેવું અને શ્રી નરનારાયણદેવનો દૃઢ આશરો રાખવો. નહી તો શ્રીજી આપણને સત્સંગની બાહેર ગણશે જ અને તેથી આપણું કલ્યાણ પણ નહિ જ થાય.

આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાં આવ્યો છે. સૌ હરિભક્તો ભાવથી તેના દર્શન કરજ્યો અને આજ્ઞા પાલનનો ખટકો જરૂર રાખજ્યો.

(પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ)

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ગણેશ ચતુર્થી ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પંચદેવોને પૂજવાની આજ્ઞા કરી હોવાથી અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સ્વયં શ્રી હરિએ પૂજેલ શ્રી ગણપતિજીની મૂર્તિ હોલ નં. ૧ માં પ્રસ્થાપિત છે તેથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આ શ્રી ગણપતિજી નું પૂજન ગણેશ ચતુર્થી ભાદરવા સુદ ચોથ તા. ૨૯/૮/૨૦૧૪ ના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે. ગણપતિ પૂજનમાં સર્વે હરિભક્તો ને લાભ મળે તેવા ઉમદા હેતુથી તેમાં સજોડે બેસવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જે હરિભક્તો ને આ મહામૂલો લાભ લેવાની ઈચ્છા હોય તેમણે રૂા. ૧૧૦૦ (અંકે રૂપિયા અગિયારસો) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ભરી પાકી પહોંચ મેળવી લેવી. આ અંગેની વધુ માહિતી નીચે આપેલ ફોન નંબરો પરથી પણ પ્રાપ્ત થઈ શકશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જૂન-૨૦૧૪

| | |
|---|---|
| ૫૧,૦૦૧/- | ડાહ્યાભાઈ ખુશાલભાઈ પટેલ - નેત્રામલી તા.ઈડર |
| ૨૫,૦૦૦/- | સોની જીગ્નેશભાઈ નટવરલાલ - અમદાવાદ |
| ૨૫,૦૦૦/- | અમૃતભાઈ એસ. પંચાલ - ટોરડા તા.ભિલોડા<br>હ.હિતેશભાઈ પંચાલ |
| ૧૧,૦૦૦/- | ધનજી મુળજી મેપાણી બળદીયાવાળા - લંડન<br>હ. દેવેન્દ્ર, દેવેશ તથા દીનાબેન |
| ૧૦,૦૦૧/- | હરજીવનભાઈ કરશનભાઈ પટેલ - સાયન્સ સીટી<br>હ. ડૉ.દિનેશભાઈ પટેલ |
| ૧૦,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ (કચ્છ) |
| ૧૦,૦૦૦/- | મીનાબેન કે. જોષી- ઘનશ્યામ ઈન્ડ. - બોપલ |
| ૫૫૦૫/- | કરશન લાલજી હલાઈ - કોડકી(કચ્છ)<br>ધ.પ.તેજબાઈ |
| ૫૧૦૦/- | પટેલ શૈલેષભાઈ કલ્યાણદાસ -કડી |
| ૫૦૦૧/- | ગીરીશભાઈ હરિભાઈ કુકડીયા-મોરબી |
| ૫૦૦૦/- | કમલેશભાઈ એચ.શાહ - અમદાવાદ |
| ૫૦૦૦/- | ભરતસંગ બાલુભા - સમલા હા.અમદાવાદ |
| ૫૦૦૦/- | ડૉ. કાંતિભાઈ પટેલ - મુંબઈ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જૂન-૨૦૧૪

| | |
|---|---|
| તા.૦૮/૬/૧૪ | પટેલ વિનોદભાઈ બળદેવભાઈ - મહાદેવનગર |
| તા.૧૫/૬/૧૪ | (સવારે) કાંતિલાલ નારણદાસ પટેલ - ડાંગરવા હ. મુકેશભાઈ તથા ભરતભાઈ પટેલ<br>(સાંજે) પટેલ અરવિંદભાઈ પૂનમભાઈ (અસલાલીવાળા) ઘોડાસર |
| તા.૧૭/૬/૧૪ | અમૃતભાઈ પંચાલ પરિવાર - ગાંધીનગર હ. હિતેશભાઈ પંચાલ |
| તા.૨૨/૬/૧૪ | (સવારે) જીગ્નેશભાઈ નટવરભાઈ સોની - નવરંગપુરા<br>(સાંજે) કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર - કાળુપુર હ.પ્રશાંતભાઈતથા ભરતભાઈ |
| તા.૨૯/૬/૧૪ | (સવારે) નાનદાસ શામજી -વરસાણી - માધાપર (હા. યુ.કે.)<br>(સાંજે) પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી<br>હ.સંદિપભાઈ તથા જયકૃષ્ણભાઈ તથા ડૉ.કલ્પેશભાઈ તથા અમૃતભાઈ તથા જનકભાઈ પટેલ |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સંપત્તિનો સદુપયોગ કરવો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાળમિત્રો ! વેકેશનમાં ખૂબ રમ્યા, બહુ ફર્યા. કોઈ મામાના ઘેર, કોઈ માસીના ઘરે તો કોઈ યાત્રા-પ્રવાસમાં ખૂબ મજા કરી. પાછા વેકેશન પુરુ કરી અભ્યાસમાં પરોવાઈ ગયા હશો ખરૂને ! હવે મન દઈને અભ્યાસમાં લાગી જવાનું કેમ કે -

**વિદ્યા દદાતિ વિનયમ્, વિનયાત્ યાતિ પાત્રતામ્ ।**
**પાત્રત્વાત્ ધનમાપ્નોતિ, ધનાન્ ધર્મં તતઃ સુખમ્ ॥**

વિદ્યા અભ્યાસથી માણસના જીવનમાં વિનય, વિવેક, પાત્રતા, ધર્મ, ધન વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે.

જીવનમાં વિનય, વિવેક, સત્સંગ વગેરે સદ્‌ગુણો ન હોય ને ખાલી અઢળક સંપત્તિ હોય તો પણ માણસ સુખી થતો નથી. એના પર એક સરસ દ્રષ્ટાંત છે જે આપણે વાંચીએ.

એક મોટું નગર હતું. નગરમાં સૌથી મોટી હવેલી, તેમાં નગરશેઠ રહે. અઢળક સંપત્તિ અને ઘણી સોનામહોરો શેઠના ખજાનામાં હતી. સમૃદ્ધિ ઘણી પણ શેઠના મનમાં શાંતિ જ નહોતી. કારણ કે શેઠ કંજૂસ હતા. ભારે કંજૂસ. આ નગરશેઠ ઘણા કંજૂસ પણ સામે શેઠાણી ખૂબજ ઉદાર દિલ હતાં. શેઠની કંજુસાઈનું કારણ એમની બાળપણની ગરીબાઈ હતી. બહુમોટી ઉંમરે લોહી-પસીનો એક કરીને પૈસાદાર થયેલા. પણ ગરીબાઈની માનસિકતા ''ચમડી તૂટે પણ દમડી ન છૂટે'' તે પ્રકૃતિ ગયેલી નહીં.

શેઠાણી જ્યારે પણ કોઈ દાન-ધર્મમાં સંપત્તિનો ઉપયોગ કરવાનું કહે તો શેઠ તરત જ જવાબ આપી દેતા - ''લોહી-પાણી એક કરીને પૈસો કમાયા પછી મળેલી સંપત્તિને કાંઈ થોડી ફેંકી દેવાય !!!'' શેઠની વાત સાંભળ્યા પછી શેઠાણીને મૌન થઈ જવું પડતું. કોઈ એવું બીજું પણ નહોતું કે જે શેઠને કહી શકે.

આ બાજુ શેઠની લક્ષ્મી લોલુપતા એટલી વધવા લાગી કે દિવસ-રાત સંપત્તિનાં જ સેવક બનીને સંપત્તિની પાછળ જ ખોવાયેલા રહેવા લાગ્યા. રોજ રાત્રે સોનામહોરો ગણેને પાછી સુરક્ષિત ગોઠવી દે. આ તેમનો નિત્યક્રમ થઈ ગયો.

એક રાત્રે શેઠે તો નિત્યક્રમ મુજબ સોનામહોરો ગણીને પાછી સુરક્ષિત જગ્યાએ ગોઠવીને પછી સૂઈ ગયા. એ રાત્રે એક ચોર એમની હવેલીમાં પેઠો અને બધી સોનામહોરો ઉઠાવીને જતો રહ્યો. આ ચોર એવો ચતુર હતો કે સોનામહોરોની જગ્યાએ પથરા મુકીને જતો રહ્યો. બધું એવું વ્યવસ્થિત રીતે જ રહેવા દીધું હતું જેથી કોઈને રાત્રીની ચોરીનો ખ્યાલ પણ ન આવ્યો. બીજા દિવસે રાત્રે શેઠજીએ ગણતરી કરવા માટે તિજોરીમાંથી સોનામહોરો બહાર કાઢવા પ્રયત્ન કર્યો. ત્યાં તો સોનામહોરોની જગ્યાએ હાથમાં પથરા આવ્યા. અંતરમાં કારમો ઘા પડ્યો અને શેઠને તો મૂર્છા આવી ગઈ. શેઠાણી દોડી આવ્યા. શેઠ પર પાણીનો થોડો છંટકાવ કર્યો ને થોડી પળો બાદ શેઠ સ્વસ્થ થયા. શેઠાણીની સામું જોઈ રડી પડ્યા ને કહેવા લાગ્યા કે - ''સોનામહોરો ચોરી જઈને કોઈ એની જગ્યાએ પથરા મુકી ગયું છે.''

શેઠાણી તો દાન-ધર્મમાં માનતાં હતાં. તેમને થયું કે અત્યારે લોઢું બરાબર તપેલુ છે તો અત્યારે ઘા દઉં. એમણે શેઠને કહ્યું - ''સોનામહોરોની જગ્યાએ કોઈ પથરા પધરાવી ગયું એમાં તમને તો કોઈ મોટો ફેર પડે તેમ નથી.'' શેઠે આશ્ચર્યથી શેઠાણી સામે જોઈને પૂછ્યું - કેમ ? ત્યારે શેઠાણી કહે કે સોનામહોરોને બદલે આ પથરા પણ ગણવામાં કામ તો લાગશે જ ને ! તમારે સોનામહોરો સાથે માત્ર ગણવા પુરતો જ સંબંધ હતો ને? પહેલાં સોનામહોરો ગણતા હતા હવે આ પથરા ગણજો....

શેઠને શેઠાણીની આ વાત એકદમ નસના ઈન્જેકશનની જેમ અસર કરી ગઈ. તેમને વાત સમજાણી કે આપણી દરેક પ્રવૃત્તિ પરોપકારમય જ હોવી જોઈએ. આપણી પાસે જે સંપત્તિ હોય તેનો જો પરોપકારના કાર્યમાં વ્યય ન થાય તો તે સંપત્તિ પથરા બરાબર છે. આપણા જીવનને સુખમય બનાવવામાં આપણી આજુબાજુના પશુઓ, પક્ષીઓ, પૃથ્વી, પાણી, પ્રકાશ, પવન, વનસ્પતિ દરેકનો તેમાં ફાળો રહ્યો છે. જો આ બધા તત્વોની સહાય ન મળે તો આપણી જીવનયાત્રા વેરવિખેર થઈ જાય. આ ઉપરાંત ભગવાન, માતા-પિતા, સ્વજનો, સાધુપુરુષો, મિત્રો, સમાજ વગેરે કેટકેટલાનો ઉપકાર આપણા જીવનની સમૃદ્ધિ માટે

યોગ્ય સહારારૂપ હોય છે. તેનું સતત અનુસંધાન આપણા જીવનમાં રહેવું જોઈએ.

જેની પાસે સંપત્તિ હોય એવા માણસોએ પોતાની સંપત્તિનો ઉપયોગ ક્યાં કરવો ! એ સ્વામિનારાયણ ભગવાને સ્વયં શિક્ષાપત્રીમાં જણાવ્યું છે - કે ભગવાન સંબંધી યજ્ઞો કરવા, સંતને ભૂદેવોને જમાડવા અને ભગવાનને રાજી કરવા માટે મંદિરમાં મોટા ઉત્સવો કરાવવા અને પાત્રતા પ્રમાણે વિદ્યાદાન, અન્નદાન આદિક દાનો કરવાં એ બધાની સાથે પોતાની આવકમાંથી દશમો અથવા વીસમો ભાગ ભગવાનને અર્પણ કરવાનું ભૂલાય નહી તે ખાસ જોવું.

આમ, સંપત્તિના સદ્ઉપયોગથી લક્ષ્મીજીના આશીર્વાદ મળે છે. માટે આવી પાત્રતા કેળવવા હે મિત્રો ! ખૂબ ભણો, નમ્ર બનો અને સાચા સત્સંગી બનો.

●

**દયાળુની દયાનો પાર નથી**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એ ભક્તો કેવા ભાગ્યશાળી હશે કે જેને સાક્ષાત્ પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત થયું. ભગવાનની સાથે બેઠા ઉઠ્યા. હર્યા-ફર્યા વાતો કરી અનેક લીલા ચરિત્રો અને ઐશ્વર્યની અનુભૂતિ કરી. વાત છે એવા જ ભાગ્યશાળી ભક્ત દેવકૃષ્ણ ભાઈની.

એકવાર શ્રીજી મહારાજ સાથે વઢવાણનાં દેવકૃષ્ણ નામના બ્રાહ્મણ ભૂજ જતા હતા. બીજા સંતો તથા ભક્તો પણ સાથે હતા. તો રણમાં જતા દેવકૃષ્ણ ઘણો તરસ્યો થયો તે જીવ જાય એવી તરસ લાગી. આંખે અંધારા આવવા લાગ્યા અને એ દેવકૃષ્ણ ભૂદેવે મહારાજને કહ્યું, મહારાજ હવે રેવાતું નથી ગળું સૂકાય છે. શ્રીજી મહારાજે કહ્યું. આ રણમાં પાણી ભર્યું છે એ પીવો. ત્યારે પાણી ચાખી જોયું તો ખારું ઝેર જેવું. મહારાજ આ તો ખારું ઝેર પાણી છે. આ કેમ પીવાય ? મહારાજ બોલ્યા, કે જુવો ગંગાજી આદિક મહાનદીઓ સમુદ્ર ભેગી થાય છે. એની સેર જે ઠેકાણે આવે ત્યાં પાણી મીઠું હોય. એટલે અહીં એની સેર નહિ હોય, થોડુંક આગળ ચાલો પછી એમણે પચ્ચીસ ડગલા આગળ ભર્યા. મહારાજ કે હવે અહિં જુઓ જોઈએ. અને એ ભૂદેવે એ રણનું પાણી ચાખી જોયું તો ગંગાજળ જેવું મીઠું ! મહારાજને કહ્યું મહારાજ આ તો બહુ મીઠું અમૃત જેવું પાણી છે. ત્યારે મહારાજ કહે અહીં ગંગાજમનાની સેર આવી ગઈ હશે માટે બધા જ પાણી પી લો. અને પછી એ ભૂદેવે પાણી પીધું. સંતોએ પણ પીધું અને હરિભક્તોએ પણ પીધું અને મહારાજે પોતે પણ એ જળ પીધું. અને પછી સૌ આગળ ચાલ્યા.

સૌ સંઘ આગળ વધ્યો ત્યારે દેવકૃષ્ણ પાછળ રહીને ફરીથી કોગળો કરવા ગયા તો એજ પાણી ખારૂ ઝેર જેવું લાગ્યું. મહારાજ મેં તો આ છેલ્લે કોગળો કર્યો તો પાણી એકદમ ખારૂ લાગ્યું. ત્યારે શ્રીજી મહારાજ કહે છે ગંગા અને જમનાની એ બધી સેર કાયમ સ્થિર રહેતી નથી. ક્યારેક આવે ક્યારેક ચાલી જાય. ગંગા જમનાની સેર જતી રહે એટલે સમુદ્રનું પાણી પાછું ખારૂ લાગે. પછી મીઠું ક્યાંથી હોય. આવી રીતે મહારાજે પોતે ઐશ્વર્ય બતાવી અને બધાને ખારૂ પાણી મીઠું કરીને પાયું. દયાળુની દયાનો પાર નથી.

મિત્રો ! માટે જ ભગવાન ભક્તવત્સલ છે દયાળુ છે. પરંતુ ભગવાનની કૃપાને વાત્સલ્યતાને પ્રાપ્ત કરવા માટે પાત્ર બનવું પડે. અને એ પાત્રતા ત્યારે જ આવે છે જ્યારે ભગવાનનું ગમતું આપણે કરીએ. અને ભગવાનનું ગમતું શું છે એ આપણા શાસ્ત્રોમાંથી જાણીને એ રીતે જીવન જીવીએ તો ભગવાન જરૂર રાજી થાય.

**લેખકોને નિવેદન**

શ્રી સ્વામિનારાયણ માસિકમાં જે કોઈ લેખક લેખ લખીને મોકલે છે તેમને સૂચન છે કે, સારા સુવાચ્ય અક્ષરે હાંસિયો રાખીને લેખ લખવા, ઝેરોક્ષ કોપી મોકલવી નહીં. ઓરિજનલ કોપી મોકલવી. સંપ્રદાયના સિદ્ધાંતને અનુસરીને જ લેખ લખવો, એક જ લેખ અન્યત્ર મેગેજીનમાં પણ પ્રકાશન થયો હોય તેવા લેખ મોકલવા નહી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન** : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# ભક્તિસુધા

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)

"આપણો સત્સંગ એક ખજાનો છે ?"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

સાત-સાત વર્ષથી આપણી આ સત્સંગ સભા ચાલે છે. તો પણ જોઈએ તેવી જાગૃતિ નથી આવી તેનું શું કારણ છે ? તો તમને લોકોને બધુ મફતમાં મળી ગયું છે. કાંઈપણ પ્રયત્ન કરવો પડતો નથી. મહારાજે એટલું બધું સુગમ કરી દીધું છે. આપણો સત્સંગ છે ને તે એક ખજાનો છે. તમે ખજાનો ખોલો તો તેમાંથી હિરા, મોતી, માણેક આવું બધું મળે પણ આપણો જે સત્સંગરૂપી ખજાનો છે ને તે હિરા મોતી કરતા પણ વધુ અમૂલ્ય કિંમતી છે. સત્સંગના માધ્યમથી મોક્ષરૂપી ખજાનો પ્રાપ્ત થાય છે. આપણા સંપ્રદાયમાં 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત' બે શાસ્ત્રો ખૂબજ અલૌકિક છે. આખા જગતમાં ભગવાન દ્વારા પ્રત્યક્ષ ઉચ્ચારેલી વાણી કોઈ પણ શાસ્ત્રમાં મળી શકે તેમ નથી. 'વેદ' પણ ભગવાનની વાણી છે. પરંતુ તે ભગવાને બ્રહ્માને કીધેલા અને બ્રહ્માની પાસેથી ઋષિ-મુનિઓએ સાંભળેલા અને તેની રચના થયેલી છે. અને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ભગવાન શ્રી કૃષ્ણની વાણી છે. પરંતુ તે રણભૂમિમાં ઉપદેશરૂપે કહેલી છે અને પાછળથી વ્યાસજીએ મહાભારતની રચના કરેલી ત્યારે મહામુનિ વ્યાસજીએ 'મહાભારત' શાસ્ત્રમાં ગૂંથેલી છે. 'વચનામૃત' એવું શાસ્ત્ર છે કે શ્રીજી મહારાજના 'વચનામૃત' રૂપી વચનોને નંદસંતોએ તરત જ ઝીલીને લખેલા છે. એટલે શ્રીજી મહારાજે આપણને આ પૃથ્વી પર આવીને એટલું બધું આપ્યું છે તેનો આપણને કેફ હોવો જોઈએ. શરણાગતિ સ્વીકાર્યા પછી જ બધા પાપોનો નાશ થાય છે. આપણે વારે વારે પરમાત્મા પાસે વંદન કરીએ છીએ અને વારંવાર માફી માગીએ છીએ ત્યારે આપણને શરણાગતિ પ્રાપ્ત થાય છે. આપણા પાપનું કારણ શું છે ? તો આપણા પાપનું મૂળ કારણ આપણું દેહાભિમાન છે. વારંવાર પરમાત્માના ચરણમાં મસ્તક નમાવવાથી આપણું દેહાભિમાન ઓગળે છે અને આપણાથી જે કાંઈ પાપ થાય અજાણતા કોઈ જીવ પ્રાણી માત્રની હિંસા થઈ જાય, અયોગ્ય આચરણ થઈ જાય ન કરવાના કાર્યો થઈ જાય તે બધું દેહાભિમાન અને અહંકારને કારણે થાય છે. બીજું જે વસ્તુ આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. આપણું લક્ષ્ય શું છે ? તેને ભૂલાવી નાખે છે. તેને પણ પાપ કહેવામાં આવે છે. તો એવી કઈ વસ્તુ છે જે આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. તો આપણે વિષયોમાં આસક્ત થઈ જઈએ છીએ ને તો વિષયોનું ચિંતવન કરવાનું નહિ. તેનાથી આત્મશક્તિનો પણ નાશ થાય છે. અને શરીર પણ ક્ષીણ થઈ જાય છે. અને જીવનમાં અનુકુળ સમય આવે ત્યારે પરમાત્માનું ભજન કરીશું તેવી રાહ જોવાની નહિ. અનુકુળતા-પ્રતિકુળતા તે બધું કાયમ ચાલુ જ હોય છે. પ્રહલાદજીને અનુકુળતા હતી જ નહિ. તો પણ તેમનું લક્ષ્ય હતું તો તેમણે ઘરમાં રહીને પણ ભક્તિ કરી અને એક બાજુ ભરતજી હતા તો બધું જ અનુકુળ હતું છતાં બધું મુકીને વનમાં ગયા. તો ત્યાં મૃગબાળમાં આસક્ત થયા. તો મૂળ વસ્તુ શું છે ? આપણે જો સાવધાન રહીશું તો વિપરિત સંજોગોમાં પણ ભગવાન ભજી શકાશે. અને બધા જ અનુકુળ સંજોગો હોય અને જીવ જો સાવધાન ન હોય તો અનુકુળતામાં પણ ભગવાનનું ભજન નથી થઈ શકતું. ઘરમાં રહેલી વસ્તુ નડતી નથી. આપણા અંદરની માયા તો દરેક જગ્યાએ ત્રાસ આપે છે. અને જો સાવધાન રહી એ તો ઘરમાં પણ જાગ્રત રહી શકાય છે. માટે કોઈપણ વસ્તુ અતિ સારી નથી. કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુમાં અતિ હેત કે અતિ આસક્તિ રાખવી નહીં. જગતમાં તમે ગમે તેટલા ઉંડા ઉતરશો ગમે તેટલાં પ્રયત્ન કરશો તો પણ તમે જગતને ક્યારેય રાજી કરી શકવાના નથી. રામ ભગવાન હતા છતાં પણ રાજી ન કરી શક્યા તો આપણે શું કરવાના હતા. માટે સૃષ્ટિને રાજી કરવામાં ન પડશો. સૃષ્ટિના રચયિતાને રાજી કરી લો.

એક વખત નારદજીએ કીધેલું કે ત્રણ વસ્તુ કરીએ તો ભગવાન રાજી થાય છે. તો પ્રથમ એ કે જીવ પ્રાણી માત્ર પર દયા રાખવી, એટલે ક્યારેય હિંસા ન કરવી. અને બીજું એ કે મન, કર્મ, વચન કોઈને દુઃખી કરવા નહિ અને મહારાજે જે આપ્યું છે તેમાં સંતોષ માનવાનો. વધારે લાલસા નહિ રાખવાની. પરમાત્માની કૃપા માનવી કે મને આજે જે પણ મળ્યું છે તે પણ કદાચ ન હોત. પરંતુ મહારાજે મને દયા કરીને આપ્યું છે. અને ત્રીજું ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવો. આ ત્રણ વસ્તુ કરીએ ને તો ભગવાન રાજી થાય છે. પરંતુ, આપણે ઈન્દ્રિયો પર સંયમ રહેતો નથી. પતંગિયું તે દિપક જોઈને આકર્ષાય છે. પતંગિયાને ખબર છે કે ત્યાં જાય છે તો તેને તકલીફ થાય છે તો પણ તે દિપક પાસે જાય છે. અને નાશ પામી જાય છે. તેમ આપણી ઈન્દ્રિયો છે ને તે દિવા જેવી છે અને આપણે પતંગિયા જેવા છીએ. આપણને ખબર છે કે સંસારનું સુખ વિનાશી છે. આપણે તો અવિનાશી સુખ મેળવવાનુ છે. પરમાત્માને આપણા પર કેટલો બધો વિશ્વાસ છે. આપણને સત્સંગરૂપી ખજાનો આપ્યો છે. તો આપણે સત્સંગરૂપી ખજાનાનો સદ્ઉપયોગ કરી સંયમી અને વિવેકી બનીને સંસારમાં રહેવા છતાં જાગૃત રહેવાનું છે અને તપ કરવાનું છે. તપનો અર્થ છે આપણું મન એક ક્ષણ માટે પણ પરમાત્માથી દૂર ન જાય તે સૌથી મોટું તપ છે. સંસારથી ભાગી જવું તે મોટી વસ્તુ નથી

પરંતુ પરમાત્માના ચરણોમાં આપણી અખંડ વૃત્તિ રહે તે મોટી વસ્તુ છે. તો મહારાજના ચરણોમાં અખંડ વૃત્તિ રહે તેવો સતત પ્રયત્ન કરવો અને મહારાજ આપ સૌનો સત્સંગ ખૂબ-ખૂબ વધારે તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**ભક્તિરસનો સ્વાદ**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીહરિએ અત્યંત કૃપા કરીને માનવ દેહ આપ્યો છે. માનવ દેહધારી જીવોએ પરમાત્માને રાજી કરી, ભક્તિ કરી તેમનું ઋણ વાળવાનું છે. બુદ્ધિ આપી વાચા આપી, પરમેશ્વરને પારખવાનું જ્ઞાન આપ્યું. ભક્તિ કરવા માટે મંદિરો, શાસ્ત્રો, ગુરુ આપ્યા છે. ભગવાનનો દ્રઢ આશરો રાખી, ધર્મ સહિત ભક્તિ અને વૈરાગ્ય યુક્ત ભક્તિ કરી રાજી કરવા જોઈએ. ભક્તિ કરીને મન શુધ્ધ કરવું. નિર્મળ કરવું.

મન નિર્મળ થાય નહિ ત્યાં સુધી હૈયામાં હરિ બિરાજવા આવતા નથી. કપડું મેલું થયું હોય તો માત્ર પાણીમાં બોળીને સૂકવી દેવાથી તે ઉજળું થતું નથી. મેલા કપડાને કલાકો સુધી ગરમ પાણીમાં બોળી રાખવું પડે છે. તેને સારી પેઠે સાબુ નાખી. ખૂબજ મસળવું પડે છે. વળી ખૂબજ ધોકાથી ધોવું પડે છે. ત્યારે કપડાનો મેલ છૂટો પડે છે. એમ આપણા મન રૂપી વસ્ત્રમાં ઘણી જ જાતનો મેલ ભરાયેલો છે. તેને સાફ કરવા માટે કથા રૂપી જળમાં બોળી સૂકવી દેવાથી તેનો મેલ નહિ કપાય. મન નો મેલ કાપવા માટે વરસો સુધી મનને ભજનમાં ભક્તિમાં જોડી રાખવું પડશે. યમ, નિયમ, જપ, તપનો સાબુ લગાડવો પડશે. પછી મનથી મસળવું પડશે. એટલે ભગવાનની મૂર્તિ, કથા, કીર્તન મનથી તેનું મનન કરવું પડે. વળી વારે વારે તેના ઉપર નિયમ ધર્મના ધોકાના પ્રહાર કરીશું તો જ તેનો મેલ નષ્ટ થશે. જેમ આપણે વસ્ત્રને પહેરીએ છીએ અને ધોઈએ છીએ એમ આ મનના વસ્ત્રને રોજ બરોજ ભક્તિરૂપી જળમાં ધોયા કરીશું તો એ સદાય સ્વચ્છ રહેશે.

જેમ જેમ મન કોમળ બનશે તો ભગવાનની પાસે પોતાના ગુનાની માફી માગશે. મન માખણ જેવું કોમળ નહિ બને ત્યાં સુધી ભગવાન સાથે તન મનથી પ્રાર્થના નહિ કરી શકાય. મહાન ભક્તો પ્રભુનું સંકીર્તન કરતા હોય ત્યારે આંખોમાંથી અશ્રુની અવિરત ધારાઓ છૂટે છે. આપણે કલાકોનાં કલાકો સુધી ભજન કરીએ છીએ છતાંય આંખમાંથી સમ ખાવા પૂરતું એકાદું આંસુય પડતું નથી. એનું કારણ એટલું જ છે કે આપણું મન કોમળ બન્યુ નથી. આપણા મનમાં અનેક જન્મથી પાપનો ડુંગર ખડકાયો છે. મન ઉપર જામેલો પાપોનો કચરો ભક્તિથી એકરસ થઈ જાય છે. માટીનો ઢગલો હોય તેની ઉપર પાણી પડવાથી ભીંજાયેલો હોય તેને પાણીની ધાર કરવાથી કાદવ બની જાય છે. તેમ જન્મોજન્મના પાપનો જંગ ભક્તિ કરવાથી એકરસ બની જશે. ને એ પાપ પશ્ચાતાપના અગ્નિમાં ઉકાળવાથી પરસેવા વાટે નીકળવા માંડે છે.

આપણા પરસેવામાં માત્ર પાણી જ નથી નીકળતું પણ પાણીની સાથે સાથે શરીરનો મેલ પણ નીકળે છે. શરીરના કરોડો છિદ્રો દ્વારા જેમ શરીરનો મળ બહાર ફેંકાઈ જાય છે તેમ મનનો મળ પણ પરસેવા વાટે બહાર ફેંકાઈ જાય છે. સેવા કરતાં કરતાં અંગમાંથી જે પરસેવો નીકળે છે એ પરસેવો નહિ પણ મનના પાપ બહાર નીકળે છે. સંત સેવા, જનસેવા, ગરીબની સેવા, રોગીની સેવા કરવાથી પણ મનના પાપ ધોવાય છે. સડક પર જામેલો કચરો દરરોજ સાફ કરવા છતાંય જમીન પર ચોંટી રહે છે. જ્યારે ધોધમાર વરસાદ બે-ત્રણ દિવસ પડે તો સાફ થઈ જાય છે. અને સડક ચોખી બની જાય છે. તેમ આપણા મન ઉપર જામેલો જન્મોજન્મનો મેલ એક બે દિવસની કથા-વાર્તાથી નહિ ઉખડે એને ઉખાડવા માટે તો પ્રતિદિન-રોજને રોજ કથા વાર્તા - કીર્તનમાં મનને જોડવું પડશે. તો જ જામેલો પાપનો મળ છૂટો પડશે. ને મન નિર્મળ થશે. મન નિર્મળ થતાં જ સાચું જ્ઞાન ઉત્પન્ન થશે. નિર્મળ મનવાળા પ્રભુ ભક્તોના હૈયામાં અનેરો આનંદ હોય છે.

નરસિંહ મહેતાને જ્યારે ભગવાન સદેહે ગોલોકમાં લઈ ગયા ત્યારે ભગવાનની રાસ લીલા જોવાનો અનુપમ લ્હાવો મળ્યો. હાથમાં મશાલ લઈ નરસિંહ મહેતા રાસ જોતા હતા. રાસ જોવામાં એ એવા તલ્લીન બની ગયા કે મશાલ પૂરી થતા એમનો હાથ લાગ્યો પણ પ્રભુની મસ્તીમાં એવા તન્મય બની ગયેલા કે કાંઈ ભાન ન રહ્યું. આવી રીતે પ્રભુ ભક્તિમાં મસ્ત બની જતા. તો દેહભાન ભૂલાઈ જતું. આપણા મહાન કવિ સમ્રાટ બ્રહ્માનંદ સ્વામી કીર્તન ગાતા હોય ત્યારે દેહ ભાન ભૂલી જતા ને પ્રભુ ભક્તિમાં મસ્ત બની જતા. કીર્તન સાંભળવા મહારાજ તથા મુક્તાનંદ સ્વામી આદિ સંતો તેમની બાજુમાં આવીને ઉભા રહેતા પણ સ્વામીને તો કાંઈ ખબર જ રહેતી નહિ. એ તો બ્રહ્મરસમાં તરબોળ બની કીર્તન લલકારતા જ રહેતા. ભક્તિ રસનો સ્વાદ જેણે માણ્યો હોય તે જ જાણી શકે છે.

આપણા જીવનમાં પણ ભગવાનની ભક્તિની ખુમારી જોઈએ. તો સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ નિષ્ઠાનું તેજ -બળ આપણામાં પણ આવે. બહોળી પ્રવૃત્તિમાં રહીને પણ ભક્તિ કરીને ભક્ત બની શકાય છે. ભક્તિથી જ આપણા જીવનમાં બહારનાં કુસંગો, પ્રદૂષણો, કુટેવો કે વ્યસનો, પ્રલોભનો પ્રવેશી શકતા નથી. જો ભક્તિમાં ખામી રહેશે તો બહારના દૂષણો આપણામાં પ્રવેશી જશે. માટે ભક્તિનું બળ વિશેષ રાખજો. પાંચ મિનિટ પણ એકાગ્રતાથી ભજન ભક્તિ કરશો તો ભગવાન સુધી પહોંચશો. ભગવાનની ભક્તિ વગર એકડા વિનાના મીંડા જ છે. ભક્તિ વિના આપણી તમામ આવડત, કળાઓ, હોદ્દાઓ એ બધું મીંડા જ છે. પરંતુ આ મીંડાની આગળ જો ભક્તિરૂપી એકડો ભળે તો બાકીના

બધા મીંડાની વેલ્યુ વધી જાય છે. ભક્તિ કરવાથી સદ્‌ગુણ વધે. ને જો સદ્‌ગુણ વધે તો મનમાં શાંતિ વધે છે. ને મન નિર્મળ થાય છે.

●

**ભક્ત વત્સલ ભગવાન**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

**"એક ભક્ત ભાવિક છે ભલો, રહે કુંડાળે નામ છે કલો,**
**કરે કૃષિ કણબીનું કર્મ, પાળે સતસંગના જે ધર્મ.**
**ભજે પ્રભુ પ્રકટ પ્રમાણ, સ્વામી સહજાનંદ સુખ ખાણ,**
**આવે સંત સ્વામિના જે ઘરે, કરે સેવા તેની સારી પેર."**

(ભક્તચિંતામણી : ૧૩૭/૫-૬)

ઉત્તર ગુજરાતમાં કડીની બાજુમાં કુંડાળ નામનું ગામ છે. આ ગામમાં એકવાર સ્વામિનારાયણના સંતો પધારેલા, તેથી કલાભાઈ પટેલ સત્સંગી થયેલા. પૂર્વના મુમુક્ષુ હોવાને કારણે ભગવાન શ્રીહરિની પાકી નિષ્ઠા થઈ ગઈ. પછી ગામના લોકો આગળ સત્સંગની વાતો કરે અને પોતે પાકા ધર્મ-નિયમો પાળે.

આ રીતનું વર્તન જોઈને ગામના લોકોએ કલા ભક્તને કહ્યું, 'અલ્યા કલા ! આ નવો ધરમ છોડી દે નહિતર તારી સાથે સ્નાન-સૂતકનો સંબંધ નહિ રહે, સમજ્યો ?'' ત્યારે કલા ભક્તે કહ્યું : ''એ સત્સંગ તો મારા જીવનમાં ઊંડો ઉતરી ગયો છે. તે તો કોઈથી નીકળે તેમ નથી. આ રીતે કલા ભક્તનો જવાબ સાંભળી ગામના લોકો પરેશાન કરવા લાગ્યા. અને તેમની જમીન લઈ લીધી. તથા નાત બહાર મૂકયા છતાં પણ કલા ભક્તે ધર્મ-નિયમો છોડ્યા નહિ. બળજબરીથી જમીન લઈ લીધી એટલે કલા ભક્તે કડી મલ્હાવરાવ ગાયકવાડ પાસે જઈને ફરિયાદ કરી. પરંતુ ગામના લોકોએ ગાયકવાડનાં માણસોને લાંચ આપીને પોતાના તરફી કરી લીધા હતા. તેથી તેઓ બોલ્યા ''હે કલા ! ખરેખર તારી જમીન હોય તો તું લોખંડનો અગ્નિમાં તપાવેલ ગોળો ઉપાડીને તારી જમીન ઉપર ચાલ, જો તું ન બળે તો તને જમીન અપાવું.'' પહેલા જૂના જમાનામાં કોઈ સમયે વિવાદમાં અલૌકિક પ્રમાણ માટે એક મોટો લોખંડનો ગોળો અગ્નિમાં તપાવીને લાલચોળ ગરમ કરવામાં આવે ને પછી એ લોખંડનો ગોળો સમ ખાનારની પાસે જાહેરમાં પકડાવે અને સાચો કે ખોટો એ લોખંડનો ગોળો ખાત્રી આપે. જેના હાથ બળે નહિ તો એ સાચો, એ રીતે સમ ખાવામાં આવતા.

''પણ લોંઠે લાંચ ભરી તિયાં, તેણે કરી રાયે ન કર્યો નિયા,
કહે કલો વાતચિત ધરો, મારો ધર્મ ન્યાય કોઈ કરો.
**ત્યારે સહુએ વાત એમ ઝાલી, સાચા સમ ખાઈલે તું ચાલી,**
**પછી એજ કીધો નિરધાર, સમ ખાધા વિના નહીં પાર."**

(ભક્તચિંતામણી : ૧૩૭/૧૧-૧૨)

શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કલાભક્તે ગાયકવાડને કહ્યું : ''મારી તાકાત છે કે હું એવા સોગંદ લઈશ. અગ્નિનો ધગધગતો ગોળો હું ઉપાડીશ.'' બીજે દિવસે કલા ભક્તના ખેતરમાં ગાયકવાડ અને ગામનાં માણસોનું ટોળું તમાશો જોવા નિમિત્તે ખેતરમાં ભેગા થયા. લોખંડનો મોટો ગોળો અગ્નિમાં તપાવવામાં આવ્યો. પછી ગાયકવાડે કહ્યું ''ઉપાડ કલા ? જો તારી જમીન હશે તો તું નહિ બળે.''

તે સમયે કલાભક્તે શ્રીજી મહારાજને યાદ કરીને પ્રાર્થના કરી.

**"કર્યો તપાવી લોહગોળો લાલ, કહે સાચો હો તો લઈ ચાલ,**
**જોઈ કલો કહે છે વિચાર, પ્રભુ કેમ ઉતારશો પાર.**
**મારે એક આધાર તમારો, વાલા આ સમે રખે વિસારો,**
**એમ કહેતાં આવ્યા ભગવાન, દિધાં દાસને દર્શન દાન."**

(ભક્તચિંતામણી : ૧૩૭/૧૪-૧૫)

''હે હરિ ! મારી લાજ રાખજો. આ કસોટીમાંથી મને કઈ રીતે પાર ઉતારશો ? મારે તમો એક આધાર છો.'' તુરંત દિવ્યરૂપે ભગવાન શ્રીહરિએ દર્શન દીધાં. ભગવાન શ્રીહરિએ કલા ભક્તને કહ્યું : ''ભક્તરાજ ! ઉપાડ ગોળો, તને કાંઈ પણ નહિ થાય. બીક તજીને ગોળો ઉપાડી લે, ગભરાય છે શા માટે ?''

**"આવી બોલ્યા એમ અવિનાશ, કહે રહે નિર્ભય તું દાસ,**
**બીક તજી ગોળો લે બે હાથ, નહિ દાઝ્ય કહે એમ નાથ."**

(ભક્તચિંતામણી : ૧૩૭/૧૬)

પાછી કલાભક્તો 'સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... એમ ભજન કરતાં કરતાં એકદમ ગરમા ગરમ ગોળાને બે હાથે પકડીને પોતાની જેટલી જમીન હતી તેટલામાં ફર્યા. પરંતુ લગારેક પણ બળ્યા નહિ. તે જોઈને સૌ આશ્ચર્ય પામી ગયા.... ! પછી ગાયકડવાડે લખી આપ્યું કે કલાભક્ત સાચા છે. અને આ જમીન એમની છે.

આખા ગામના લોકો વાતો કરવા માંડ્યા કે, ''આ કલો તો સ્વામિનારાયણ ભગવાનનો પાકો ભક્ત છે. એની રક્ષા એના ભગવાને કરી. આખા ગામમાં ભગવાન શ્રીહરિ અને કલાભગતનો જયજયકાર થવા લાગ્યો. ભગવાન કેવા ભક્તવત્સલ છે ? દયાળુ છે ? એ વાત તો બરાબર છે. પરંતુ ભગવાન પોતાના ભક્તની કસોટી પણ કરે છે. અને સાથે તેઓ રક્ષા પણ કરે છે.

આ જગ્યાએ અત્યારે છત્રી છે. લોખંડનો ગોળો આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નંબર ૭ માં રાખવામાં આવેલ છે. ખેતરમાં કૂવો છે. ત્યાં પત્થર ઉપર બેસી શ્રીજી મહારાજે સ્નાન કરેલ છે. આ પ્રસાદીનો પત્થર ચરાડવા સ્વામિનારાયણ મંદિરની પાછળ દિવાલમાં ફીટ કરેલ છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ કઈ કઈ મુશ્કેલીઓમાં પણ આત્મઘાત ન કરવો ?

પ્ર. ૨ સુખ સંપત્તિવાળા પાંડવોએ શાના પ્રતાપે રાજપાટ ગુમાવ્યું ?

પ્ર. ૩ સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય ન કરવી. (શિક્ષાપત્રીનો ક્યો શ્લોક)

પ્ર. ૪ એક સમયે ગઢપુરથી શ્રીહરિનો પર્વતભાઈ ઉપર પત્ર આવવાથી ગઢપુર જવા રવાના થયા. ગામ બહાર નિકળ્યા ત્યાં તો માણસો બોલાવવા આવ્યા ને કહે ચાલો તમારા દીકરાએ દેહ મૂકી દીધો છે તેનું મૃત્યુ થયું છે. પર્વતભાઈએ પ્રત્યુત્તરમાં શું કહ્યું ?

પ્ર. ૫ ''પ્યારા મુજને લાગી તારી મોહની'' રસિયાવર રે........ તારું રૂપ જોઈને મુજને આ સુંદર કીર્તનના રચયિતા કોણ છે ?

પ્ર. ૬ વાયુની આંધી ક્યા ત્રણ પ્રકારની છે ?

પ્ર. ૭ ''જેવા પોતાના સગા-વ્હાલા હોય અથવા મા-બાપ તેનો પક્ષે રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો. શ્રીજી

## જૂન-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** અરેરે મારે પુત્ર નહિ એવું ચિંતવન કરીને દેહ મેલ્યો તેથી તેમની દીકરીને ત્યાં દીકરો થઈને આવ્યા. **(૨)** પ્રકરણ-૮૩. **(૩)** ગુરુ, દેવ, રાજા પાસે. **(૪)** કપીલાનંદ બ્રહ્મચારી. **(૫)** દેવાનંદ સ્વામી. **(૬)** પૂર્વ જન્મના સંસ્કાર તથા સંતની સેવાએ કરીને થાય છે. **(૭)** કોઈના ઘરના આંગણામાં અન્યની માલિકીના મકાનમાં, રાજકીય સ્થાનો, પોલીસ કચેરી, જ્યાં હથિયારધારી રહેતા હોય ત્યાં, ગૌશાળામાં, જંગલમાં, દર પાસે, નદી તળાવના કિનારે, રાખના ઢગલામાં, ખાડામાં, સૂર્ય ચંદ્રની સામે, દેવસ્થાનની સામે, ખેડેલ ખેતરમાં ઉજ્જડ દેવાલયમાં તથા ઝાડની છાયામાં મળમૂત્ર કરવા નહિ તથા થૂંકવું પણ નહીં.

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાગંરવા)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૪ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ બાપુનગર ન.ના. યુવક મંડળ
૫ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઊંઝા)
૬ સાં.યો. મંજુબા, ભારતીબા (સ્વા. મંદિર કાલુપુર હવેલી)
૭ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૮ ઝોલાપરા શોભના કિશોરભાઈ (સુરેન્દ્રનગર)
૯ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૦ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૧ ભાવસાર અરવિંદાબેન નરેશકુમાર (ચાંદલોડીયા)
૧૨ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૧૩ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૧૪ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૧૫ દરજી સંગીતા કલ્પેશ (કાલુપુર)
૧૬ સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૧૭ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૮ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૯ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૦ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૧ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૨ ગજ્જર સુધાબેન પ્રવિણભાઈ (ઝુલાસણ)
૨૩ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૪ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૫ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૬ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૨૭ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૮ સુથાર સુધાબેન પ્રકાશભાઈ (ઝુલાસણ)
૨૯ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૦ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૧ સાધુ ધર્મકિશોરદાસજી (સ્વા. મંદિર એપ્રોચ)
૩૨ ઓચ્છવ મંડળ (સ્વા. મંદિર, એપ્રોચ)
૩૩ સાં.યો. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર)
૩૪ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૩૫ પટેલ ધર્મિષ્ઠાબેન ભરતભાઈ (નિર્ણયનગર)
૩૬ સાં.યો. બહેનો (સ્વા.મંદિર બહેનોનું જુનું મોરબી)
૩૭ પટેલ મીના મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૩૮ બ્રહ્મક્ષત્રિય મહેશ ભગવાનભાઈ (રાણીપ)
૩૯ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૪૦ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૪૧ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૪૨ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૩ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૪ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૫ મોદી મહેન્દ્રકુમાર જી. (મેમનગર)
૪૬ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૪૭ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૮ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૯ ઘરસભા બહેનો (લુણાવાડા)
૫૦ ભોરણીયા નથુભાઈ ભગવાનભાઈ (ઘુંટું મોરબી)
૫૧ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૫૨ થોરીયા જ્યોતિકા જગદીશચંદ્ર (લુણાવાડા)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
# સંવત ૨૦૭૦-૭૧ના વર્ષમાં ચોમાસામાં ગામડાઓમાં (દેશ)
# કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| પોર-વાવોલ | સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| ધમાસણા | શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજીગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) |
| અસલાલી | શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ પી.પી. સ્વામી (કોટેશ્વર) |
| કણભા | સ્વામી નિલકંઠદાસજી ગુરુ સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) |
| બાલાસિનોર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| આંતરોલી | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા) |
| લુણાવાડા | સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ નારાયણજીવન (અમદાવાદ) |
| મારૂસણા | સ્વામી રઘુવીરચરણદાસજી ગુરુ અ.નિ. સ્વામી કૃષ્ણજીવનદાસજી (સોકલી) તથા સ્વામી જગદીશપ્રસાદદાસજી ગુરુ અ.નિ. સ્વામી કૃષ્ણજીવનદાસજી (ઈડર) |
| ટ્રેન્ટ સીતાપુર | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ અ.નિ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ અ.નિ. સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| ખાખરીયા | શાસ્ત્રી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ અ.નિ. સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા) |
| પ્રાંતિજ-મોડાસા | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ અ.નિ. સ્વામી દેવપ્રસાદદાસજી (મથુરા) |
| કપડવંજ | સ.ગુ.શા. સ્વામી સુખનંદનદાસજી (અમદાવાદ) |
| સાણંદ-ગોધાવી | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| શિરોહી | સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ અ.નિ. સ્વામી હરિગોવિંદદાસજી (કાંકરીયા) |
| વિહાર-ગેરીતા | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| વડું - ડાંગરવા | શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી (સિધ્ધપુર) |
| બાલવા | શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી (સિધ્ધપુર) |
| સાદરા-વાસણા | સ.ગુ. સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. અ.નિ. સ્વામી નારાયણમુનિદાસજી |
| ભાત-કાસીન્દ્રા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી ગુરુ ધ્યાની સ્વામી |
| નળકંઠા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી ગુરુ ધ્યાની સ્વામી |
| વિરમગામ | સ.ગુ. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી |
| કડી-રાજપુર | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ અ.નિ. સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનું મંદિર) |
| લાંઘણજ | સ.ગુ. સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ.શા.સ્વામી આનંદજીવનદાસજી (અમદાવાદ) |
| મોખાસણ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી ગુરુ ધ્યાની સ્વામી |
| સંતરામપુર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સંર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| ઉંઝા | અનુપમ સ્વામી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (ધ્યાની સ્વામી) |

# સત્સંગ સમાચાર

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ કેશર સ્નાન અભિષેક દર્શન

ભરતખંડના અધિષ્ઠાતા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજથી પરંપરાગત ચંદન-મલીયાગરના વાઘાના દર્શન સતત દોઢ માસ ધરાવવામાં આવ્યા હતા. ચંદનના વાઘામાં વિવિધ લેસ-નંગ અને ભાતભાતની ડિઝાઈનથી સૌને એમજ લાગે કે આજે ભગવાને કાપડના-મખમલના ઝીકના વાઘા ધારણ કર્યા છે. અલૌકિક દર્શન ! અલૌકિક લ્હાવો ! દર્શન કરતા તૃપ્તિ ન થાય એવા દર્શન થતા હતા. જેઠ સુદ-૧૫ ના સવારે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચારપૂર્વક કેશર સ્નાન વિધિવત રીતે થયું હતું. હજારો ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. આજના કેશર સ્નાનના યજમાન પ.ભ. પ્રકાશભાઈ લાલભાઈ (ઉનાવા) પરિવાર રહ્યાં હતા.

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજીના માર્ગદર્શન પ્રેરણાથી પાર્ષદ ઘનશ્યામ ભગત (ગઢપુર), શ્રી લાભશંકરભાઈ, પૂજારી બ્ર. સ્વામી અનંતાનંદ, પૂજારી બ્ર. સ્વામી મુકુંદાનંદ આદિ સંત-મંડળે ઠાકોરજીની અલૌકિક ચંદનના વાઘાની સેવા કરી દેવ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો (શા. સ્વા. નારાયણમુનિદાસજી)

## ઈડર મંદિરનો ૧૬૮ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઈડર શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૮ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

જેઠ સુદ-૯ ના સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વૈદિક વિધિસર ઠાકોરજીનો અભિષેક સંપન્ન થયો. લાલોડા મંદિરના સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા સ્વામી બાળકૃષ્ણદાસજીની પ્રેરણાથી પ.ભ. દવજીભાઈ સાંકાભાઈ પટેલ, સુપુત્ર સંજય તથા જનક આદિ પરિવારે પાટોત્સવના યજમાન પદે રહીને પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-આરતી કરીને રૂડા આશીર્વાદ લીધા હતા. વિશાળ સભામાં પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. રઘુવીર સ્વામી (સોકલી), શા. હરિજીવનદાસ (હિંમતનગર) તથા માણસા, અમદાવાદ, નારાયણઘાટ, લાલોડા, પ્રાંતિજ વગેરે ધામોથી પધારેલા સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર તથા સમસ્ત સભાને આશીર્વાદ આપી રાજી થયા હતા.

સમગ્ર પ્રસંગ દરમ્યાન કોઠારી એસ. એસ. સ્વામી, શા. વાસુદેવ સ્વામી, કૂંજ સ્વામી, શા. શ્રીજીપ્રકાશદાસ, અને પૂજારી અજય સ્વામીએ સુંદર સેવા બજાવી હતી. સભા સંચાલન શા. પ્રેમપ્રકાશદાસે શોભાવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ કૃપાથી નિજ મંદિર સુવર્ણ સિંહાસન માટે હરિભક્તોએ ખૂબજ સારી સેવા કરી હતી. અત્રે સત્સંગનો વિકાસ જોઈ પ.પૂ. મહારાજશ્રી ખૂબ રાજી થયા હતા.

(કોઠારી સત્યંસ્કલ્પ સ્વામી - ઈડર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ પ્રથમ પાટોત્સવ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા. ૩૧-૫-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

સવારે સૌ પ્રથમ ઠાકોરજીનો અભિષેક સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને યજમાનશ્રી અશોકભાઈ જે. પટેલ આદિ પરિવારે લાભ લીધો હતો.

અન્નકૂટનો લાભ પ.ભ. બળદેવભાઈ કચરદાસ પટેલ અને ધજાના યજમાન પ.ભ. મુકેશભાઈ જોઈતારામ પટેલે લાભ લીધો હતો. સંતોના પૂજનના યજમાન પ.ભ. પ્રકાશભાઈ પુરુષોત્તમદાસ પટેલ, મહાપૂજાના યજમાન પ.ભ. પ્રવિણકુમાર વિષ્ણુભાઈ પટેલ રહ્યાં હતાં. છપ્પન ભોગ અન્નકૂટ આરતીમાં સંતો સાથે યજમાન પરિવારે લાભ લીધો હતો. હોમાત્મક મહાપૂજામાં ઘણા ભક્તો જોડાયા હતા. સાંજે મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગે કાલુપુર મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી તથા શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી આદિ સંતોએ શ્રીફળ હોમીને મહાપૂજાની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં સંતોએ ભગવાનના લીલા ચરિત્રો રૂપી વાતો કરી હતી. સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - પ્રયાગ પટેલ)

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીનરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં નીચેના ગામોમાં થયેલ સત્સંગ સભાઓ

### નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા

તા. ૧-૫-૧૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ખાતે સાંજે ૬ થી ૮ દરમ્યાન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સત્સંગ સભા થઈ હતી. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરના મહંત શા. પી.પી. સ્વામી અને શા. રામ સ્વામી આદિ સંતમંડળે કથા વાર્તા કરી ભક્તોને રાજી કર્યા હતા.

(અમિત પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ સત્સંગ સભા

તા. ૩-૫-૧૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ ખાતે સત્સંગ સભા યોજી હતી. જેમાં શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા શા. દિવ્યપ્રકાશદાસે હરિભક્તોને કથા રૂપી જ્ઞાનનું પાન કરાવી રાજી કર્યા હતા. સાથે નવાવાડજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિ કરીને સૌને આનંદિત કર્યા હતા. (જે.ડી. ઠક્કર)

**વાગોસણા ગામે સત્સંગ સભા**

તા. ૨૯-૫-૧૪ ના રોજ અત્રે વાગોસણા ગામે શા. પી.પી. સ્વામી અને શા. ચૈતન્ય સ્વામીએ (નારાયણઘાટ) કથા વાર્તા કરીને હરિભક્તોને આનંદિત કર્યા હતા. સોજા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિ દ્વારા સૌને રાજી કર્યા હતા. વ્યવસ્થાનું સુંદર આયોજન રાજુભાઈ પટેલે કર્યું હતું. આ સભામાં અમદાવાદ વસતા હરભક્તો પણ પધાર્યા હતા. ગામના સમસ્ત હરિભક્તોએ કથાવાર્તા અને કીર્તન ભક્તિનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

(પ્રહલાદભાઈ પટેલ, રાજુભાઈ પટેલ)

**આજોલ (માણસા) ગામે સત્સંગ સભા**

તા. ૩૧-૫-૧૪ ના રોજ અત્રે મહાપ્રતાપીશ્રી હનુમાનજી મહારાજની પાવન સાનિધ્યમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ બાદ સ.ગુ. શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી ચૈતન્ય સ્વામીએ સર્વોપરી શ્રી હરિના મહિમા માહાત્મ્યની કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. સમગ્ર પ્રસંગમાં શ્રી વિષ્ણુભાઈ, શ્રી સુરેશભાઈ, શ્રી કે.ડી. પટેલ, શ્રી જે. ડી. પટેલ આદિએ અમદાવાદથી આવીને સુંદર વ્યવસ્થા કરી હતી.

(કમલેશભાઈ આજોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ સત્સંગ સભા**

અત્રે શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં પ્રથમ સત્સંગ સભા તા. ૧-૬-૧૪ રવિવાર રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન થઈ હતી. સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, બાદમાં કાલુપુર અને નારાયણઘાટ મંદિરના સંતો શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), શા.સ્વા. આનંદજીવનદાસજી, શા. સ્વા. છપૈયાપ્રસાદદાસજી અને શા. સ્વા. હરિજીવનદાસજીએ સૌ ભક્તોને કથા વાર્તા કરી રાજી કર્યા હતા.

(શા. દિવ્યપ્રકાશદાસ, નારાયણઘાટ)

**બોરૂ ગામે સત્સંગ સભા**

તા. ૫-૬-૧૪ ના રોજ બોરૂ ગામે સુંદર સત્સંગ સભા થઈ હતી. સંતોમાં શાસ્ત્રી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) શા. રામ સ્વામી (કોટેશ્વર) આદિ સંત મંડળે કથાવાર્તા કરીને હરિભક્તોને લાભ આપેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે (સોજા) કીર્તન ભક્તિ કરીને ભક્તોને રાજી કર્યા હતા. આ ગામમાં સૌ પ્રથમ સભાથી મુમુક્ષુઓને ભગવાન શ્રીહરિનો મહિમા સમજાયો હતો. આજુબાજુના ગામોથી પણ ભક્તો સભામાં પધાર્યા હતા.

(હરપાલસિંહ)

**હેબુવા ગામે સત્સંગ સભા**

તા. ૮-૬-૧૪ ના રોજ દરબારી ગામ હેબુવામાં શ્રીનરનારાયણદેવ યુવક મંડળે (સોજાના દરબાર ભક્તો દ્વારા) ગામના અંબાજી માતાના ચોકમાં સુંદર સભા યોજી હતી. જેમાં શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) અને શાસ્ત્રી રામ સ્વામી આદિ સંતોએ ભગવાન સંબંધી કથાવાર્તા દ્રષ્ટાંત સાથે કરીને હરિભક્તોને લાભ આપેલ. યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. અહીં આ પ્રથમ સભા થઈ હોવાથી નવા મુમુક્ષુઓએ અતિ રાજી થઈ સંતોને અવાર-નવાર લાભ આપવા વિનંતી કરી હતી.

(વિપુલ પટેલ સોજા)

**મહાદેવનગર જડેશ્વરમાં ૧૯ મો પાટોત્સવ અને ભવ્ય સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વર પાર્ક મહાદેવનગર ૧૯ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૨૮-૫-૧૪ ના રોજ ભવ્ય સત્સંગ સભા સાથે કીર્તન ભક્તિનું સુંદર આયોજન સંતોની પ્રેરણા માર્ગદર્શનથી થયું હતું. હરિભક્તોએ પાટોત્સવમાં યજમાન બની સેવાનો લાભ લીધો હતો. સૌ પ્રથમ મહામંત્ર ધૂન બાદ ઠાકોરજીના પાટોત્સવની આરતી કરવામાં આવી હતી.

સમગ્ર આયોજન પ.ભ. હરેશભાઈ તથા પ.ભ. વિનોદભાઈ તરફથી વસ્ત્રાલ રોડ, ઉત્સવ સીટી ફ્લેટમાં થયું હતું. અંદાજે ૨૦૦૦ જેટલા ભાવિક ભક્તોએ કીર્તન ભક્તિ અને કથા વાર્તાનો લાભ લીધો હતો. સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ), શા. આનંદ સ્વામી (મહાદેવનગર), શા. રામ સ્વામી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. અન્ય સંતોમાં શા. છપૈયાપ્રસાદ સ્વામી, નિલકંઠ સ્વામી અને કૂંજ સ્વામી પણ હાજર રહ્યાં હતા. શ્રી પૂરવ પટેલ અને સાથી કલાકારોએ કીર્તન ભક્તિ કરીને સૌને રસતરબોળ કરી દીધા હતા. સભામાં સંતોએ શ્રી નરનારાયણદેવ મહામહોત્સવની જાહેરાત કરી હતી. અહીંના સૌ ભક્તોએ આ મહોત્સવમાં તમામ પ્રકારની સેવા કરવાની હાકલ કરી હતી. સમગ્ર પ્રસંગમાં મહિલા મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર આયોજનનું સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)એ સંભાળ્યું હતું. (કોઠારીશ્રી, મહાદેવનગર મંદિર)

**સરઢવ ગામે સત્સંગ સભા**

અત્રે સરઢવ (ગાંધીનગર) ગામે ભવ્ય સત્સંગ સભા થઈ હતી. જેમાં શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) અને શાસ્ત્રી રામ સ્વામી (કોટેશ્વર) અને શા. વ્રજવલ્લભ સ્વામી (મૂળી) એ કથાનો સુંદર લાભ આપેલ. સોજા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ થઈ હતી. હરિભક્તો ખૂબજ રાજી થાય હતા.

(કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર**

ઐતિહાસિક અને પૌરાણિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ સુદ-૩ થી જેઠ સુદ-૧૪ સુધી ચંદનના અવનવા સુશોભિત વાઘા મંદિરના કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી ધર્મવિહારીદાસજી ગુરુ શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ કરી દોઢ માસ પર્યન્ત હરિભક્તોને દર્શનનું અલૌકિક સુખ આપ્યું હતું. જેઠ સુદ-૧૫ ના શ્રી ઘનશ્યામ મહારાજને કેશર સ્નાન કરાવી ચંદનના વાઘાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂ. મહંત સ્વામીએ હરિભક્તોની ચંદનના વાઘાની સેવાને બિરદાવી હતી.

(કાલીદાસ જે. પટેલ, વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા સત્સંગ શિબિર**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિના ચરણોથી અંકિત પવિત્ર તીર્થભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે તા. ૮-૬-૧૪ને રવિવારના રોજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાંકરિયા દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ અધ્યક્ષ સ્થાને સત્સંગ

શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અત્રેના મહંત સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી અને સ.ગુ. આનંદ સ્વામીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. શિબિરમાં યુવાનો અને બાળકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

સૌ પ્રથમ કાંકરિયા, અમદાવાદ, જેતલપુરધામ અને એપ્રોચ બાપુનગરના સંતોએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અચળ નિશ્ચય અને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા રાખવા ઉપર ઉપદેશાત્મક વાતો કરી હતી. યુવક મંડળ દ્વારા સુંદર કીર્તન ભક્તિ થઈ હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ ભક્તોને શ્રી નરનારાયણદેવની અતૂટ નિષ્ઠા રાખવા સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીએ કર્યું હતું. તમામ શિબિરાર્થીઓને પ્રસાદ ભોજન જમાડવામાં આવેલ.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાંકરિયા)

**શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ રાણીપ**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ (રાણીપ) શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ નિમિત્તે ૨૦૦ સત્સંગ સભા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ નિમિત્તે ૪૨ સત્સંગ સભાનું આયોજન કરેલ છે.

(રાણીપ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ)

**હર્ષદ કોલોની (બાપુનગર) મંદિર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના શુભ આશીર્વાદથી અત્રે બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જેઠ સુદ-૧૦ ના સર્વોપરી શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે સવારના ૭ થી સાંજના ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન બહેનો દ્વારા કરવામાં આવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**અલૌકિક તીર્થભૂમિ મોટી આદરજ શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વિતીય પાટોત્સવ અને કથા પારાયણ**

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્યાં અનેક લીલા ચરિત્રો પૈકી દંઢાવ્ય પ્રદેશનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ અને નંદ સંતોને સદ્ગુરુની પદવી આપીને રતુખાંટને અડગ નિશ્ચય કરાવ્યો તેવા પ્રસાદીભૂત મોટી આદરજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો દ્વિતીય પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી અને સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજીની પ્રેરણાથી ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા.૨૧-૫-૧૪ થી તા. ૨૫-૫-૧૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ ગ્રંથ અંતર્ગત દંઢાવ્ય પ્રદેશ લીલા ચરિત્ર પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે અને સહિંતા પાઠના વક્તા સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી (મૂળીધામ) વિરાજમાન હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપતા તા. ૨૫-૪-૧૪ ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. તા. ૨૫-૫-૧૪ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના પાટોત્સવની આરતી ધામધૂમપૂર્વક થઈ હતી. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા હતા. ધામો ધામથી પધારેલા સંતોની પ્રસંગોચિત્ત પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પાટોત્સવના યજમાન સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી થયા હતા. સભા સંચાલન શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ)એ શોભાવ્યું હતું. અનેક નાના મોટા હરિભક્તોએ યજમાન બની સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

(કોઠારીશ્રી, મોટી આદરજ)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં જન્મોત્સવના ઉપલક્ષમાં બાલવા ગામે વિવિધ પ્રવૃત્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કલોલ ખાતે ૪૨ માં જન્મોત્સવના સંકલ્પના ભાગરૂપે બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા બાલવાના સક્રિય યુવાન ભક્તો દ્વારા ૧૨ કલાકની મહામંત્ર ધૂન, તથા સામાજીક સેવાના ભાગરૂપે કૂતરાઓને ખીચડી તથા રોટલા બનાવીને જુદાં જુદાં ગામના વિસ્તારોમાં વિતરણ કર્યું હતું. આ પ્રવૃતિ છેલ્લા ૭ માસથી (દર શનિવારે) ચાલું છે. સાથે સાથે શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપક્રમે હોસ્પિટલ દ્વારા આયોજીત સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સેવાર્થીઓએ લાભ લીધો હતો.

(કોઠારી શ્રી રમણભાઈ ચૌધરી)

**લુણાવાડા ગામે ભવ્ય સત્સંગ સભા**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. સંતોની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૧૫-૬-૧૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કડીયાવાડમાં સુંદર સત્સંગ સભા થઈ હતી.

સૌ પ્રથમ યુવાનો દ્વારા કીર્તન ભક્તિ અને સંતોએ દીપ પ્રાગટ્ય કરી સભાનો પ્રારંભ કર્યો હતો.

હરિભક્તોની વિશાળ સભામાં શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા.સ્વા. નારાયણમુનિદાસજી, સ્વા. વાસુદેવચરણદાસજી, શા. કૂંજવિહારીદાસ અને માધવ સ્વામીએ કથાવાર્તા કરીને સુંદર લાભ આપેલ. શ્રી નરનારાયણદેવ મહામહોત્સવની સમગ્ર માહિતી સંતોએ આપી હતી. છેલ્લે મહામંત્ર ધૂન બાદ ઠાકોરજીને થાળ ધરાવી સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

(કોઠારીશ્રી, લુણાવાડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા ૧૪૪ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણસાનો ૧૪૪ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના યજમાન વાઘેલા શણગારબા દિપસિંહ માધુસિંહ પરિવાર રહ્યાં હતાં. વૈશાખ સુદ-૬ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા હતા.

પ્રાસંગિક સભામાં પૂ. શા.પી.પી. સ્વામી (જેતલપુરધામ) એ માણસાના દેવનો મહિમા સાથે આગામી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવની રૂપરેખા સમજાવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં અમદાવાદ, મૂળી અને જેતલપુરધામથી સંતો પધાર્યા હતા.

સત્સંગ સભા

અત્રે તા. ૮-૬-૧૪ ના રોજ આગામી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવની સુંદર સત્સંગ સભાનું આયોજન થયું હતું.

જેમાં શા. ઘનશ્યામ સ્વામીએ કથાવાર્તા કરીને બન્ને મહોત્સવની રૂપરેખા સમજાવી હતી. આ સભાના મુખ્ય યજમાન પ.ભ. નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ રહ્યાં હતાં. આ સભામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. કોઠારી ચંદ્રપ્રકાશ સ્વામી અને પૂજારી પ્રેમ સ્વામીએ પ્રેરણાત્મક સેવા કરી હતી. જેઠ સુદ-૧૫ ના સવારે ૬-૩૦ થી ૭-૦૦ ઠાકોરજીને કેશર સ્નાન દર્શન હરિભક્તોને કરાવ્યા હતા.

(પૂજારી પ્રેમસ્વરૂપદાસ)

**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ભાત**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.પી.પી.સ્વામી ની પ્રેરણાથી તથા ભાત મંદિરના મહંત શા.પુરૂષોત્તમસ્વામી(દાસ સ્વામી) ની મહેનત થી શ્રીજી મહારાજના ચરણકમળ થી અંકિત ભાત ગામે સ્વામિનારાયણ મંદિર(બહેનોનું) (નરનારાયણદેવના તાબાનું) માં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮-૫-૧૪ થી ૧૨-૫-૧૪ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમદ્ભાગવત પંચાહ પારાયણ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે સ.ગુ.શા.સ્વામી ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)એ બિરાજી કથામૃતનું રસપાન સંગીતના સુરો સાથે કરાવ્યું હતું. પ્રથમ દિવસનો પ્રારંભ પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. કથા પ્રસંગમાં તા.૧૦-૫ ના રોજ પ.પૂ.લાલજી મહારાજશ્રીએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.તેમજ બહેનોના ગુરુ અ.સૌ. પૂજ્ય મોટા ગાદીવાળાબાશ્રી તથા ૧૨-૫ ના રોજ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ પધારી બહેનોને રૂડા આશીર્વાદ આપી તેમનો ઉત્સાહ વધારી નૂતન મંદિરમાં પધરામણી કરી મંદિર જોઈ ખૂબ રાજી થયા હતા. આ પ્રસંગે ભવ્ય મહાવિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૧-૫-૧૪ ના સાંજે ભવ્ય ઠાકોરજીની નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામનાં તમામ ભક્તો એ ખૂબજ ઉત્સાહ ઉમંગથી ભાગ લીધો હતો.તા.૧૨-૫ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભાત ગામે પધાર્યા ત્યારે શોભાયાત્રા માં પણ એવો જ ઉત્સાહ રહ્યો હતો ને ભાવ પ્રેમથી શોભાયાત્રા ગામમાં ફરી હતી. ત્યાર બાદ પ્રથમ બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. જેમા સ્વામિનારાયણ ભગવાન ની ૧૫૦ વર્ષ જુની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ મૂર્તિઓ ની ફોટો ગ્રાફી કરી હતી. ત્યાર બાદ યજ્ઞનારાયણ ની પૂર્ણાહુતિ શ્રીફળ હોમી ને કરી હતી. સાથે યજમાનો પણ રહ્યા હતા.ત્યાર બાદ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા, પ્રથમ ધર્મકુળ પૂજન આરતી ગામ સમસ્ત યજમાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સંતોનું પૂજન થયું. પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એ તમામ યજમાનશ્રીઓનું સન્માન કર્યું હતું. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. અંતમાં પૂ. આચાર્ય મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામ થી સાં.યો. બહેનો પણ પધાર્યા હતા. સમગ્ર મહોત્સવ નું સંચાલન શા.સ્વામી દાસસ્વામી (ભાતવાળા) એ કર્યું હતું. ગામના યુવાનોની તેમજ મહિલાઓ ની સેવા પ્રશંસનીય રહી હતી.

(દાસ સ્વામી ભાત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજ પાટોત્સવ**

